RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT

ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે

તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ ● વર્ષ: ૧૩ ● અંક: ૩૫૮ ● તારીખ: ૦૪-૦૪-૨૦૨૫,શુક્રવાર● પાના : ૮ ● કિંમત :૧.૫૦=૦૦ રૂપિયા ● Annual Subscription-Rs.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

# સુપ્રીમ કોર્ટના તમામ જજ સંપત્તિની વિગતો જાહેર કરશે



ન્યાયતંત્રમાં પારદર્શિતા અને જનતાનો વિશ્વાસ જાળવી રાખવા માટે, સુપ્રીમ કોર્ટના તમામ જજોએ તેમની સંપત્તિની વિગતો જાહેર કરવાનો નિર્ણય લીધો છે.લાઈવ લોના અહેવાલ મુજબ, ૧ એપ્રિલના રોજ યોજાયેલી ફુલ કોર્ટ મીટિંગમાં, બધા ૩૪ જજોએ ચીફ જસ્ટિસ એફ ઈન્ડિયા સંજીવ ખન્ના સમક્ષ તેમની સંપત્તિ જાહેર કરવાનો નિર્ણય લીધો.જજોએ એમ પણ કહ્યું કે મિલકતો સંબંધિત વિગતો સુપ્રીમ કોર્ટની સત્તાવાર વેબસાઇટ પર અપલોડ કરવામાં આવશે. આ માટેની પદ્ધતિઓ અને નિયમો ટૂંક સમયમાં નક્કી કરવામાં આવશે.સુપ્રીમ કોર્ટમાં જજોની નિર્ધારિત સંખ્યા ૩૪ છે. હાલમાં અહીં ૩૩ જજ છે, એક પદ ખાલી છે. બધા જજોએ પોતાની સંપત્તિનું ઘોષણાપત્ર કોર્ટમાં રજૂ કર્યું છે. જોકે, આ જાહેર કરવામાં આવ્યા નથીદિલ્હી હાઈકોર્ટના જજ યશવંત વર્માના ઘરેથી રોકડ રકમ મળવાના વિવાદ બાદ આ પગલું ભરવામાં આવ્યું છે. ૧૪ માર્ચે જસ્ટિસ વર્માના સરકારી બંગલામાં આગ લાગી હતી. ફાયર સર્વિસ ટીમને ત્યાં અડધી બળી ગયેલી નોટો મળી આવી હતી.

રોકડ કેસમાં ફસાયેલા જસ્ટિસ યશવંત વર્માને દિલ્હી હાઈકોર્ટથી અલ્હાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટની ભલામણ અને રાષ્ટ્રપતિની મંજૂરી બાદ આ આદેશ જાહેર કરવામાં આવ્યો છે. જો કે, અલ્હાબાદ હાઈકોર્ટના ચીફ જસ્ટિસને નિર્દેશ આપવામાં આવ્યો છે કે જસ્ટિસ વર્માને કોઈપણ ન્યાયિક કાર્ય ન સોંપવામાં આવે .સુપ્રીમ કોર્ટની ઈન્ટરનલ તપાસ સમિતિ આ મામલાની તપાસ કરી રહી છે. જેમાં ૩ જજ છે. જસ્ટિસ યશવંત વર્મા ટૂંક સમયમાં આ સમિતિ સમક્ષ હાજર થઈ શકે છે.

## સમગ્ર ભરતી પ્રક્રિયામાં જ ગરબડ, બંગાળના ૨૫ હજાર શિક્ષકોની નિયુક્તિ પર રોક યથાવત



મમતા બેનરજીની સરકારે આજે શિક્ષણ ભરતી કૌભાંડ મામલે સુપ્રીમ કોર્ટે મોટો ઝટકો આપતાં સરકારી સ્કૂલોમાં ૨૫૦૦૦ શિક્ષકો અને બિન શૈક્ષણિક સ્ટાફની ભરતી રદ કરવાના કોલકાતા હાઈકોર્ટના ચુકાદાને યથાવત રાખ્યો.

કોર્ટે આ મામલે કડક વલણ અપનાવતા કહ્યું કે શિક્ષકોની નિમણૂક કરવાની પ્રક્રિયા યોગ્ય નહોતી. ઉલ્લેખનીય છે કે કોલકાતા હાઈકોર્ટે ૨૦૧૬ની સંપૂર્ણ જોબ પેનલ જ રદ કરી નાખી હતી. ખરેખર આરોપ હતો કે ભરતી માટે લોકો પાસેથી ૫ થી ૧૫ લાખ રૂપિયા સુધીની વસૂલી કરવામાં આવી હતી. કલકત્તા હાઈકોર્ટે પણ ભરતી પ્રક્રિયામાં અનેક ગરબડ પકડી પાડી હતી.

## ડીસા બ્લાસ્ટ કેસઃ નર્મદા કિનારે ૧૮ મૃતકોના અંતિમ સંસ્કાર, મોઢું પણ ન જોઈ શક્યા સ્વજનો

બનાસકાંઠાના ડીસામાં આવેલીGIDCમાં એક ફટાકડાની ફેક્ટરી અને ગોડાઉનમાં ભીષણ વિસ્ફોટ અને આગના કારણે ૨૧ શ્રમિકોએ જીવ ગુમાવ્યા હતા. જેમાં ૫થી ૮ વર્ષના બાળકો પણ હતા. આ તમામ મધ્ય પ્રદેશના હરદા અને દેવાસ જિલ્લાના રહેવાસી હતા. મધ્ય પ્રદેશના દેવાસના નેમાવર ઘાટ પર આજે ૧૮ લાશોના એકસાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. બે મૃતદેહોની ઓળખ માટે ડીએનએ ટેસ્ટ કરાવવામાં આવશે. તે હજુ ગુજરાતમાં જ છે. ડીસામાં ૧ એપ્રિલ (મંગળવારે) સવારે ૮ વાગે ગેરકાયદે ફટાકડાની ફેક્ટરી અને ગોડાઉનમાં ભીષણ વિસ્ફોટ બાદ બાદ આગ ફાટી નીકળી હતી. એટલું જ નહીં, શક્તિશાળી વિસ્ફોટથી દીવાલો પણ ધસી પડી હતી, જેમાં ૨૧ શ્રમિકોના મોત થયા હતા. આ વિસ્ફોટ એટલો ભયાનક હતો કે ઘણાં મજૂરોના શરીરના અંગ ૫૦ મીટર દૂર ફંગોળાયા હતા. ફેક્ટરીની પાછળ આવેલા ખેતરોમાંથી પણ માનવ અંગ મળી આવ્યા હતા.આ દુર્ઘટનામાં હંડિયાના ૮ અને દેવાસના સંદલપુરના ૯ મજૂરોના મોત થયા હતા. તો બીજી તરફ ખાતેગાંવના કોન્ટ્રાક્ટરે પણ જીવ ગુમાવ્યો હતો. ૮ મજૂરોની સારવાર ચાલી રહી છે. તેમાંથી ૩ ની હાલત ગંભીર છે. આ કેસમાં પોલીસે ફેક્ટરીના માલિક ખૂબચંદ રેણુમલ મોહનાની (સિંધી) અને તેનો પુત્ર દીપક ખૂબચંદ મોહનાનીની ધરપકડ કરાઈ છે.

## ગુજરાત યુનિવર્સિટીમાં ભાજપ નેતાની નિમણૂંક અંગેની ફરિયાદ, શિક્ષણ વિભાગે તપાસનો આદેશ આપ્યો

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચોથી ઓક્ટોબર ૨૦૨૪માં એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં GCCI (ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી)ના નોમીની મેમ્બર તરીકે મનન દાણીની નિમણૂક કરવામાં આવી હતી. હવે કોંગ્રેસના પ્રવક્તા મનિષ દોષીએ શિક્ષણ મંત્રીને મનન દાણીની નિયમ મુજબ નિમણૂક ન થઈ હોવાની ફરિયાદ કરી હતી. કોંગ્રેસ પ્રવક્તાની ફરિયાદ બાદ શિક્ષણ વિભાગે મનન દાણીની નિમણૂક અંગે વધુ ખુલાસા માંગ્યા છે. કોંગ્રેસ પ્રવક્તા મનિષ દોષીએ શિક્ષણમંત્રીને ઓક્ટોબર ૨૦૨૪માં ફરિયાદ કરી હતી કે, ગુજરાત પબ્લિક યુનિવર્સિટી ૨૦૨૩ મુજબ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની રચના માટે વિવિધ જોગવાઈ કરવામાં આવી છે. જે અન્વયે વિવિધ સભ્યોની નિયુક્તિ કરવાનું ઠરાવ છે. યુનિવર્સિટીના સત્તાધીશોએ દ્વારા સગવડીયું અર્થઘટન કરીને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ તરીકે ભાજપના નેતા મનન દાણીની નિમણૂક કરી છે.

## વડોદરા તેમજ આસપાસના મંદિરોમાં ત્રાટકતી ગેંગ પકડાઈ, ૨૨ ગુના ઉકેલાયા, ૫ લાખની મત્તા કબજે





વડોદરા તેમજ આસપાસના વિસ્તારમાં ફક્ત મંદિરોને જ ટાર્ગેટ કરતી મેડા ગેંગ અને પોલીસે ઝડપી પાડી પાંચ લાખની મત્તા કબજે કબજે કરી છે.વડોદરા શહેર, ભાયલી, કરજણ, ભરૂચ,રાજકોટ અને જેતપુર જેવા સ્થળોએ મંદિરોની ચોરીના બનાવો બન્યા હોવાથી વડોદરા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કરવામાં આવી હતી. જે દરમિયાન પંચમહાલની મેડા ગેંગ સામેલ હોવાનું જણાઈ આવ્યું હતું. દરમિયાનમાં મેડા ગેંગના ત્રણ સાગરીતો ચોરીનો માલ લઈને હાલોલથી સુરત બાઈક પર જઈ રહ્યા હોવાની માહિતી મળતા વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમએ ગોલ્ડન ચોકડી પાસે વોચ ગોઠવી હતી. પોલીસે ઉમેશ બચુભાઈ મેડા, આજે બચુભાઈ મેડા (બંને રહે. ગુલબાર ગામ,ગરબાડા, દાહોદ) અને ગોવિંદ દલબીરભાઈ મચ્છાર(સીમલીયા ખુર્દ ગામ, ગરબાડા) ને બે બાઈક સાથે ઝડપી પાડયા હતા. ત્રણેય જણાની થેલીમાંથી રૂ.૨.૦૨ લાખ રોકડા, સોના અને ચાંદીની લગડી, ભગવાનના દાગીના તેમજ મૂર્તિઓ અને પરચુરણ મળી આવ્યા હતા. પોલીસે પૂછપરછ કરતા જુદા-જુદા વિસ્તારોમાં ૨૨ મંદિરોમાં કરેલી ચોરીની કબુલાત કરી હતી.ચોરોએ પોલીસ સમક્ષ કબૂલ્યું હતું કે, અગાઉ ચોરી અને ધાડના બનાવોમાં બનાવવામાં લાંબો સમય જેલમાં રહેવું પડયું હોવાથી તેમજ ઘર માલિક જાગી જાય તો અથડામણ થતી હોવાથી મંદિરોને નિશાન બનાવવાનું નક્કી કર્યું હતું. આ માટે તેઓ મોટર સાયકલ લઈને વડોદરા આવતા હતા. અહીં અગાઉથી પાર્ક કરી રાખેલી બીજી મોટરસાયકલનો ઉપયોગ કરતા હતા અને ચોરીના સ્થળે જવા માટે અગાઉથી રેકી કરી આખો દિવસ બાગમાં પસાર કરતા હતા. રાત્રે દૂર બાઈક મૂકીને મંદિરોને નિશાન બનાવી ચોરીમાં વાપરેલી બાઈક બ્રિજ નીચે પાર્ક કરી હાલોલથી લાવેલી મોટર સાયકલ પરત કરવાના થતા હતા.

## રામનવમીની તૈયારી:પાટણમાં શોભાયાત્રા માટે રામ ખીચડી પ્રસાદની વિશેષ તૈયારી



પાટણમાં આગામી ૬ એપ્રિલ રવિવારે ભગવાન શ્રી રામચંદ્રજીની ૩૮મી ભવ્ય શોભાયાત્રા યોજાશે. વિશ્વ હિંદુ પરિષદ પાટણ દ્વારા આયોજિત આ શોભાયાત્રામાં જોડાનારા રામભક્તો માટે વિશેષ પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.રામજી મંદિર ખાતે છીડીયા મહિલા મંડળની બહેનો દ્વારા રામ ખીચડી પ્રસાદની તૈયારીઓ ચાલી રહી છે. શહેરના સનાતની પરિવારો પાસેથી એકત્રિત કરવામાં આવેલી દાળ-ચોખા સહિતની સામગ્રીનું વિણાટ કામ ચાલુ છે. મહિલા મંડળની બહેનો ભક્તિ ભાવ પૂર્વક આ કામગીરી કરી રહી છે.વિશ્વ હિંદુ પરિષદ પાટણે તમામ સનાતન ધર્મ પ્રેમીઓને શોભાયાત્રામાં જોડાવા અને સમરસતાના પ્રતીક સમાન રામ ખીચડીનો પ્રસાદ ગ્રહણ કરવા આમંત્રણ આપ્યું છે.

## ટ્રમ્પની ટેરિફ નીતિનો ગાંડો-ઘેલો નિર્ણય, પેન્ગ્વિનની વસ્તી ધરાવતા ટાપુ પર લગાવ્યો ૧૦ ટકા ટેરિફ

ડોનાલ્ડ ટ્રમ્પના ગાંડા-ઘેલા નિવેદનો અને નિર્ણયોથી દુનિયા આખી પરિચિત છે. હવે તો માહોલ એવો થઈ ગયો છે કે ટ્રમ્પ કશું અળવીતરું ન કરે તો નવાઈ લાગે. તાજેતરમાં તેમણે જગતભરના દેશો સામે ટેરિફ યુદ્ધ છેડયું. એમ કરવાથી એમના હિસાબે અમેરિકા ફરી ગ્રેટ બનવાનું હોય તો ઠીક છે, પણ હદ તો ત્યારે થાય છે કે જ્યારે ટ્રમ્પ એવા ટાપુ પર પણ ટેરિફ લાદે જ્યાં માણસોની વસ્તી જ નથી અને જેની સાથે અમેરિકા કોઈ વેપાર કરતું જ નથી.વાત છે હિન્દ મહાસાગરમાં આવેલા 'હર્ડ અને મેકડોનાલ્ડ આઈલેન્ડસ'. એન્ટાર્કટિકા ખંડથી ૧,૬૩૦ કિલોમીટરના અંતરે આવેલા આ ટાપુનો વહીવટ ઓસ્ટ્રેલિયા ચલાવે છે. અલબત્ત, અહીં વહીવટ ચલાવવા જેવું કંઈ છે જ નહીં, કેમ કે કોઈ માનવવસ્તી નથી. વસ્તી છે તો ફક્ત પેન્ગ્વિન, સીલ અને સમુદ્રી પક્ષીઓ જેવા અબોલ જીવોની. પશ્ચિમ ઑસ્ટ્રેલિયાના ફ્રીમેન્ટલથી ૪,૦૮૫ કિલીમીટર દૂરના આ ટાપુ પર પહોંચવા માટે જહાજ દ્વારા ઓછામાં ઓછા ૧૦ દિવસનો સમય લાગે છે, એ પણ હવામાન સાફ હોય તો. છેલ્લા એક દાયકામાં કોઈ માનવીએ આ ટાપુ પર પગ નથી મૂક્યો. આવા આ વેરાન વગડા સમાન ટાપુ પર ટ્રમ્પે ૧૦ ટકા ટેરિફ લાદી લીધો છે. જેની સાથે કોઈ વેપાર જ નથી એવા 'હર્ડ અને મેકડોનાલ્ડ આઈલેન્ડસ' પર ટેરિફ લાદવા ઉપરાંત ટ્રમ્પે બીજો પણ એક એવો નિર્ણય લીધો છે.

## તંત્રી લેખ...

# ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિઓ આઠ મહિનાની ટોચે

સમાપ્ત થયેલા માર્ચમાં દેશની ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિ વધી આઠ મહિનાની ઊંચી સપાટીએ જોવા મળી હતી જે ફેબ્રુઆરીમાં ૧૪ મહિનાની નીચી સપાટીએ હતી. માર્ચનો ઉત્પાદન ક્ષેત્રનો એચએસબીસી પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેકસ (પીએમઆઈ) ૫૮.૧૦ રહ્યો હતો જે ફેબ્રુઆરીમાં ૫૬.૩૦ જોવાયો હતો. ઘરઆંગણે ઓર્ડર બુકમાં વધારાને કારણે ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિમાં સુધારો જોવા મળ્યો હોવાનું એસએન્ડપી ગ્લોબલ દ્વારા તૈયાર કરાયેલા સર્વે રિપોર્ટમાં જણાવાયું હતું. માર્ચ, ૨૦૨૫ના ક્વાર્ટરમાં નવા ઢાંચાગત પ્રોજેક્ટોની જાહેરાતો સર્વોચ્ચ સ્તરે પહોંચી ગઈ છે. નવા ઓર્ડર બુકનો ઈન્ડેકસ પણ ગયા મહિને આઠ મહિનાની ટોચે જોવા મળ્યો હતો. ગ્રાહકોના રસમાં વધારો, માગની સાનુકૂળ સ્થિતિ તથા માર્કેટિંગ પહેલોને પરિણામે ઓર્ડર બુકમાં વધારો જોવા મળ્યો છે. માગની મજબૂત સ્થિતિને કારણે કંપનીઓની ફિનિશ્ડ ગુડસની ઈન્વેન્ટરીમાં ત્રણ વર્ષનો ઝડપી ઘટાડો જોવા મળ્યો છે. વેપાર આશાવાદ પણ ઊંચો રહ્યો છે. સર્વેમાં ભાગ લેનારી કંપનીઓમાંથી ૩૦ ટકાએ આગામી એક વર્ષમાં ઉત્પાદન વોલ્યુમ ઊંચુ રહેવાની ધારણાં મૂકી છે જ્યારે બે ટકાથી ઓછા લોકોએ વોલ્યુમમાં ઘટાડો જોવા મળવાની ધારણાં મૂકી છે.ઊંચી માગને પહોચી વળવા કંપનીઓએ ઈન્વેન્ટરીસમાંથી માલનો પૂરવઠો કરવાની ફરજ પડી હતી જેને કારણે સ્ટોકસનું સ્તર ઘટી જાન્યુઆરી ૨૦૨૨ બાદની નીચી સપાટીએ જોવાયું હતું.ઘટી ગયેલા સ્ટોકસને ફરી વધારવા કંપનીઓ દ્વારા કાચા માલની ખરીદીમાં પણ વધારો જોવા મળ્યો હતો. દેશમાં ઔદ્યોગિક વિકાસને નવી ગતિ મળી રહી હોવાના વધુ એક સારા સંકેત મળ્યા છે. માર્ચ મહિનામાં દેશમાં ઉત્પાદન પીએમઆઈ સૂચકઆંક ૮ મહિનાની ટોચે પહોંચ્યા સાથે વધુ એક આંકડા દેશના અર્થતંત્રમાં મજબૂતીના સંકેત આપે છે.માર્ચ, ૨૦૨૫ના ક્વાર્ટરમાં નવા ઢાંચાગત પ્રોજેક્ટોની જાહેરાતો સર્વોચ્ચ સ્તરે પહોંચી ગઈ છે. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (સીએમઆઈઈ)ના ડેટા અનુસાર આ સમયગાળા દરમિયાન ફેક્ટરીઓ, રસ્તાઓ અને પાવર પ્લાન્ટ સંબંધિત નવા પ્રસ્તાવોમાં નોંધપાત્ર વધારો થયો છે.ખાસ કરીને મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં યોજાયેલા રોકાણ સમિટોએ ઈન્વેસ્ટમેન્ટ કમિટમેન્ટની તેજીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. માર્ચ ક્વાર્ટર દરમિયાન નવા પ્રોજેક્ટ્સનું કુલ મૂલ્ય રૂ. ૧૮.૭ લાખ કરોડ સુધી પહોંચ્યું છે, જે પાછલા ક્વાર્ટર કરતા બમણું છે.જાન્યુઆરી-માર્ચ, ૨૦૨૫ના ત્રિમાસિકગાળામાં પાવર સેક્ટરમાં મોટા પાયે રોકાણની જાહેરાતો થઈ છે. ઊર્જા સેક્ટરના જોરે આ આંકડો ઐતિહાસિક ઊંચાઈએ પહોંચ્યો. ઉદ્યોગ નિષ્ણાતો માને છે કે ઊર્જા ક્ષેત્રમાં આ રોકાણ માત્ર દેશના વીજ પુરવઠાને જ મજબૂત નહિ બનાવે પરંતુ રોજગારની નવી તકોનું પણ સર્જન કરશે.માર્ચ ક્વાર્ટરમાં નવા પ્રોજેક્ટોમાં આ ઐતિહાસિક ઉછાળો સ્પષ્ટપણે દર્શાવે છે કે રોકાણકારો દેશમાં ઔદ્યોગિક અને માળખાગત વિકાસ માટે અત્યંત ઉત્સાહિત છે.


# સોના-ચાંદી, ફાર્મા સહિત ભારતની ૫૦ પ્રોડક્ટસ પર ટેરિફ નહીં, ટ્રમ્પે આપી મુક્તિ

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૨૬ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. ઓટો સેક્ટરથી માંડી ટેક્સટાઈલ સેક્ટર પર આ ટેરિફ લાગુ થશે. રેસિપ્રોકલ ટેરિફ ઈફેક્ટના કારણે સેન્સેક્સ આજે ૮૦૦થી વધુ પોઈન્ટના કડાકે ખૂલ્યો હતો. નિફટીએ પણ ૨૩૧૫૦નું લેવલ તોડ્યું હતું. સ્થાનિક ઉપરાંત એશિયન અને યુરોપિયન બજારોમાં પણ અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. જાપાનનો નિક્કેઈ ૩ ટકાથી વધુ તૂટ્યો હતો. ભારતમાં ઓટો, ટેક્સટાઈલ, કૃષિ સહિતની પ્રોડક્ટ્સ પર ટેરિફ લાદવામાં આવ્યો છે. જેમાં સોના-ચાંદી, ઈન્સ્યુલિન સહિતની ૫૦ પ્રોડક્ટસને બાકાત રાખવાથી તેના નિકાસ વેપારને કોઈ અસર નહીં થાય. ફાર્મા કંપનીઓને રેસિપ્રોકલ ટેરિફમાં ઘણા અંશે રાહત મળી છે. જેથી



હેલ્થકેર ઈન્ડેક્સ આજે ૧.૯૦ ટકા ઉછાળા સાથે ટ્રેડ થઈ રહ્યો હતો. સૌથી મોટું નુકસાન આઈટી અને ટેક્નોલોજી ક્ષેત્રમાં જોવા મળ્યું છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૨૭% ટેરિફ લગાવવાનું એલાન કરી દીધું છે. ટ્રમ્પે ઓટો સેક્ટરથી લઈને ટેક્સટાઈલ સેક્ટર અને અન્ય સેક્ટર પર ટેરિફ લગાવવાનું એલાન કર્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પના આ ટેરિફથી ભારત સહિત વિશ્વના તમામ શેર બજારમાં મોટો ઘટાડો આવ્યો છે. જાપાનનું માર્કેટ સૌથી વધુ પ્રભાવિત થયું છે, જ્યાં ૩%નો ઘટાડો નોંધાયો છે.જે પ્રોડક્ટ્સ પર ડોનાલ્ડ ટ્રમ્પનો ટેરિફ નહીં લાગુ પડે તેમાં સોનુ, ચાંદી અને ઈન્સ્યુલિન જેવી પ્રોડક્ટસ છે. ચાલો જાણીએ એ ટોપ ૫૦ પ્રોડક્ટ્સ વિશે જેના પર ટ્રમ્પનો ટેરિફ લાગુ નહી પડે.

# ૬૨ મો નેશનલ મેરિટાઈમ ડે : રાજભવન ખાતે મર્ચન્ટ નેવી વીક ફલેગ પિનિંગ સમારોહ યોજાયો



ભારતમાં દર વર્ષે તા. ૫ એપ્રિલના રોજ નેશનલ મેરીટાઈમ ડે ઉજવવામાં આવે છે. નેશનલ મેરિટાઈમ ડેની ઉજવણી અન્વયે તા.૩૦ માર્ચ થી તા.૫ એપ્રિલ દરમિયાન મર્ચન્ટ નેવી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. મર્ચન્ટ નેવી સપ્તાહ નિમિત્તે આજે ગાંધીનગરમાં રાજભવન ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીને પ્રથમ મીનીએચર મર્ચન્ટ નેવી ધ્વજ પિન કરવામાં આવ્યો હતો. જોઈન્ટ ડાયરેક્ટર જનરલ ઓફ શિપિંગ કમ સિનિયર ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ (ટેક્નિકલ) અને પ્રિન્સિપલ ઓફિસર, મર્કેન્ટાઈલ મરીન વિભાગ, કંડલાના કેપ્ટન સંતોષકુમાર એસ. દારોકરના નેતૃત્વમાં પ્રતિનિધિ મંડળ દ્વારા મીનીએચર મર્ચન્ટ નેવી ધ્વજ પીન કરવામાં આવ્યો હતો. મર્ચન્ટ નેવી સપ્તાહની ઉજવણીનો હેતુ ભારતનો દરિયાઈ વારસો અને રાષ્ટ્રના વેપાર અને અર્થતંત્રમાં મર્ચન્ટ નેવીના યોગદાનના મહત્વને દર્શાવવાનો છે. મર્ચન્ટ નેવી ફલેગ પિનિંગ સમારોહ એ ખલાસીઓના ગૌરવ, પ્રતિબદ્ધતા અને ભાવનાનું પ્રતીક છે, કે જેઓ સમુદ્રી ઉદ્યોગમાં સતત સેવારત છે. નેશનલ મેરીટાઈમ ડેની ઉજવણી દેશની આઝાદી પછીના છેલ્લા સાત દાયકામાં શિપિંગ ક્ષેત્રે થયેલી પ્રગતિ અને સિદ્ધિઓ પર ગર્વ કરવાની આપણને તક આપે છે.

આ ઉજવણી અંતર્ગત ગત તા.૨૮ માર્ચ ૨૦૨૫ના રોજ કેન્દ્રીય સ્તરે થયેલી ઉજવણીમાં ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને મર્ચન્ટ નેવી મિનિએચર ફલેગ પિન કરવામાં આવી હતી. રાજ્યપાલશ્રીને ૬૨માં નેશનલ મેરીટાઈમ ડેની ઉજવણી અંતર્ગત લોકલ કમિટી દ્વારા કરવામાં આવી રહેલી પ્રવૃતિઓની માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત આ વર્ષની નેશનલ મેરીટાઈમ ડે થીમ સમૃદ્ધ સાગર - વિકસિત ભારત તથા બ્લુ ઈકોનોમી અને હરિત વિકાસ માટે યુવા પર પણ ચર્ચા કરવામાં આવી હતી. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતમાં શિપિંગ અને બંદર ક્ષેત્રના વિકાસને પ્રોત્સાહિત કરવા બદલ મેરીટાઈમ ઉદ્યોગ સાથે સંકળાયેલા તમામને અભિનંદન પાઠવ્યા હતા.

# જિંદગી

**મળી છે મોંઘી જિંદગી ને અમૂલ્ય મનુષ્ય દેહ એકવાર,**
**ફરી મળશે કે કેમ? તેની નથી કોઈને કશી ખબર,**
**લાંબી છે કે ટુંકી જિંદગી એની પણ નથી કોઈને ખબર,**
**કાંટો,ફૂલોથી ભરી છે જિંદગીની**
**ડગર,**
**નથી રાહ આસાન,નથી આસાન સફર,**
**જીવાય જેટલી પણ જિંદગી જીવો શાનદાર,**
**રહો કામ પ્રત્યે સમર્પિત ને ઈમાનદાર,**
**જીગરમાં રાખો જોશ ને દિલથી રહો દિલદાર,**
**દુભાવશો ના દિલ કોઈનું સૌ માટે રાખો સરખો સરોકાર,**
**કોઈ કરે ઉપકાર તો સામે ના કરો અપકાર,**
**ટીકાની ના કરો દરકાર,દુ:ખિયાના બનો મદદગાર,**
**જીવન જીવો ફૂલ જેમ,સરળ ને સુગંધીદાર,**
**કામ કરો દીવા જેમ,જાતે બળી આપે ઉજાસ,**
**જાત ઘસાઓ ચંદન જેમ, જાત ઘસી ફેલાવે સુવાસ,**
**"મુફલિસ" જિંદગી છે અજબ ને અનિશ્ચિત પ્રવાસ ,**
**જિંદગીની ઝોળીમાં ભરાય એટલી ભરી લો મીઠાશ**

**મુફલિસ**
**(મહેન્દ્ર એમ.સોલંકી,વરવાડા)**

# લેપટોપ, સર્વર તથા કોમ્પ્યુટર્સની આયાત પરના અંકૂશો સંપૂર્ણ નાબુદ કરવા વિચારણા

મુંબઈ : ટેરિફ વોરને પગલે વિશ્વ વેપારના સમીકરણો બદલાઈ જવાની શકયતાને ધ્યાનમાં રાખી ભારત સરકાર લેપટોપ્સ, સર્વર્સ તથા કોમ્પ્યુટર્સની આયાત પરના અંકૂશો દૂર કરવા વિચારી રહી હોવાનું આધારભૂત સુત્રોએ જણાવ્યું હતું.ઘરઆંગણેના ઉત્પાદનના મૂલ્ય વધારવા લેપટોપ તથા આઈટી હાર્ડવેર સાધનો અને પાર્ટસ ઉત્પાદકોએ તેમની નવી યોજનાઓ અંગે સરકાર સાથે ચર્ચા કરી હોવાનું પણ માનવામાં આવે છે. સ્થાનિક સ્તરે ઉત્પાદન વધારવા તથા પ્રિન્ટેડ સર્કિટ બોર્ડસ, કેસિંગ્સ, સ્પીકર્સ, માઈક્રોફોન્સ જેવા પાર્ટસ સ્થાનિક સ્તરેથી જ મેળવવાની યોજના વિશે ચર્ચા કરાઈ હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

લેપટોપ્સ તથા સંબંધિત આઈટમની મુકત આયાત પર અંકૂશો મૂકવાની યોજના પહેલા ભારત દ્વારા હિસ્સેદારો સાથે ચર્ચા વિચારણા નહીં કરવા બદલ અમેરિકાએ ભારતની ટીકા કરી હતી. જો કે ભારતે આ યોજના હાલમાં બાજુ પર મૂકી દીધી છે. લેપટોપ્સ, ટેબ્લેટસ, કોમ્પ્યુટર્સ તથા સંબંધિત આઈટમની મુકત આયાત પર અંકૂશો મૂકવાની ભારતે ઓગસ્ટ, ૨૦૨૩માં જાહેરાત કરી હતી. જો કે આ જાહેરાતના અનેક સ્તરેથી પડઘા પડતા સરકારે આ નિર્ણય મોકૂફ રાખવો પડયો હતો અને તેના સ્થાને ઓકટોબર, ૨૦૨૩માં ઈમ્પોર્ટ મેનેજમેન્ટ સિસ્ટમ ધોરણ લાગુ કરાયું હતું જે હેઠળ આઈટી હાર્ડવેર કંપનીઓ માટે રજિસ્ટ્રેશન તથા તેમના દ્વારા કરાતી આયાતની જાણકારી પૂરી પાડવાનું ફરજિયાત બનાવાયું હતું. આ ધોરણ ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવાયું છે. હિસ્સેદારો સાથે અગાઉથી ચર્ચા વિચારણા નહીં કરવા બદલ અમેરિકાના નિકાસકારોએ ચિંતા વ્યકત કરી હતી.

# ૧૦ સામે FIR છતાં વ્યાયામ શિક્ષકો મક્કમ:સત્યાગ્રહ છાવણી ખાતે ૧૮માં દિવસે પણ લડત ચાલુ, પરેડ યોજી વિરોધ નોંધાવ્યો

ગાંધીનગરમાં કાયમી ભરતીની માગ સાથે આંદોલન કરી રહેલા વ્યાયામ શિક્ષકો સામે પોલીસે કડક કાર્યવાહી કરી છે. છેલ્લા ૧૮ દિવસથી ચાલી રહેલા આંદોલનમાં ૧૦ આગેવાનો સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધવામાં આવ્યો છે.

આંદોલનકારી શિક્ષકોએ વિધાનસભા તરફ કૂચ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન ૧૫૦ જેટલા શિક્ષકો સૂત્રોચ્ચાર સાથે આગળ વધ્યા હતા. પોલીસે તેમને અટકાવતા બંને પક્ષે ઘર્ષણ થયું હતું. પોલીસે શિક્ષકોની અટકાયત કરી હતી. છેલ્લા




પખવાડિયામાં આ ત્રીજી વખત પોલીસ સાથે ઘર્ષણ થયું છે.

ફરિયાદમાં જણાવ્યાં મુજબ, શિક્ષકોને રેલીની મંજૂરી નહોતી. વળી, ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ચાર કરતાં વધુ વ્યક્તિઓને એકઠા થવા પર પ્રતિબંધ છે. આમ છતાં તેમણે જાહેર સલામતીને જોખમમાં મૂકી રેલી કાઢી હતી.

ભરત નાવડિયા, યોગેશ વાળા, જયમલ નાયક, પલક ઠાકોર, સોનલ સોરઠિયા, દિનેશ ખંભાળિયા, અંકિત ઠાકોર, વિશાલ મકવાણા, સ્નેહલ દેસાઈ અને રાજેન્દ્રસિંહ રાઠોડ સામે નામજોગ ફરિયાદ નોંધાઈ છે. આજે ૧૮મા દિવસે પણ શિક્ષકોએ આંદોલન ચાલુ રાખ્યું છે. તેમણે પરેડ યોજીને અનોખી રીતે વિરોધ નોંધાવ્યો હતો. પોલીસે ફરી એકવાર તેમની અટકાયત કરી છે.

# "પ્રખ્યાત લોકલક્ષી રિપોર્ટર અને 'અજ્ઞેય' ઉપનામથી જાણીતા તંત્રી તથા લેખક "સ્વામી સચ્ચિદાનંદ હીરાનંદ વાસ્તાયન" ની આજે છે પુણ્યતિથિ"

અંક નંબર ૨૯૫

હું ક્યારે કહું છું કે દુનિયાએ મારી ક્રૂર ગતિને સ્વીકારવી જોઈએ,
હું ક્યારે કહું કે જીવનનું મૃત્યુ નંદન-કાનનનું ફૂલ બની જવું જોઈએ?

કાંટો કઠણ છે, તીક્ષ્ણ છે, તેનું ગૌરવ છે,
હું ક્યારે કહું કે તે પ્રાંતનું નીચ ફૂલ બનશે?

હું ક્યારે કહું કે યુદ્ધમાં મને તીક્ષ્ણ ઘા થઈ શકે છે?
હું ક્યારે કહું કે હું પ્રેમ કરું છું, શું મને પ્રાપ્તિની તક મળે છે?

હું ક્યારે કહું છું કે હું જીતીશ અને મારો ઉંચો મહેલ બંધાશે?
કે પાત્રો જગતના આદરની મારી ઝાંખી યાદો બની જવા જોઈએ?
-સચ્ચિદાનંદ હિરાનંદ વાત્સ્યાયન'અગ્યય'

'"અજ્ઞેય'" ઉપનામથી પ્રસિદ્ધ સચ્ચિદાનંદ હીરાનંદ વાત્સ્યાયનનું ૪ એપ્રિલ,૧૯૮૭ ના રોજ ૭૬ વર્ષની વયે દિલ્લી ખાતે નિધન થયું હતું. પ્રખ્યાત પુરાતત્વવિદ્ હિરાનંદ શાસ્ત્રીના પુત્ર, અજ્ઞેયનો જન્મ ઉત્તર પ્રદેશના કુશીનગર નજીકના એક નાના શહેર કાસિયામાં થયો હતો . તેમણે ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં સક્રિય ભાગ લીધો હતો અને બ્રિટિશ સંસ્થાનવાદી શાસન સામેની તેમની ક્રાંતિકારી પ્રવૃત્તિઓ માટે ઘણા વર્ષો જેલમાં વિતાવ્યા હતા.

આ અનોખા પત્રકાર અને તંત્રીશ્રી "અજ્ઞેય"એ આગ્રાથી સૈનિક (૧૯૩૬–૧૯૩૭), કલકત્તાથી વિશાલ ભારત (૧૯૩૭–૧૯૩૯), પ્રતીક (૧૯૪૭) અને નયા પ્રતીક (૧૯૭૩)નું સંપાદન અનુક્રમે અલ્હાબાદ અને નવી દિલ્હીથી કર્યું. અંગ્રેજીમાં. તેમણે વાક (૧૯૫૧)નું સંપાદન કર્યું. તેમણે જયપ્રકાશ નારાયણના એવરીમેન'સ વીકલી (૧૯૭૩–૧૯૭૪) ના સંપાદક અને ટાઈમ્સ ઓફ ઈન્ડિયા ગ્રુપના હિન્દી દૈનિક નવભારત ટાઈમ્સ (૧૯૭૭–૧૯૮૦) ના મુખ્ય સંપાદક તરીકે સેવા આપી .

તેમણે ૧૯૫૭-૫૮માં જાપાનનો પ્રવાસ કર્યો, જ્યાં તેમણે ઝેન બૌદ્ધ ધર્મ વિશે શીખ્યા જેણે તેમને અને તેમની લેખન શૈલીને પ્રભાવિત કરી. ૧૯૬૧માં, તેઓ કેલિફોર્નિયા યુનિવર્સિટી, બર્કલેમાં ભારતીય સાહિત્ય અને સભ્યતાના મુલાકાતી લેક્ચરર તરીકે જોડાયા, અને જૂન ૧૯૬૪ સુધી ત્યાં રહ્યા.

૧૯૬૫માં, તેઓ ભારત પાછા ફર્યા અને ટાઈમ્સ ઓફ ઈન્ડિયા ગ્રુપના ન્યૂઝવીકલી દિનામનના સ્થાપક સંપાદક બન્યા. જ્યારે હંગ્રી પેઢી અથવા ભુખી પીરહી ચળવળના સભ્યોની ધરપકડ કરવામાં આવી અને તેમના સ્થાપના વિરોધી લખાણો માટે કાર્યવાહી કરવામાં આવી, ત્યારે અગેયાએ દિનમાન દ્વારા કલકત્તાના યુવા સાહિત્યિક જૂથને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા ત્યાં સુધી અવિરતપણે ટેકો આપ્યો. બિહારના પ્રખ્યાત દુષ્કાળ પરના તેમના લેખોને લોક-લક્ષી રિર્પોટિંગમાં સીમાચિહ્નરૂપ ગણવામાં આવે છે.

કવિ,વાર્તાકાર અને લેખક સચ્ચિદાનંદ વાત્સ્યાયનનો જન્મ ૭માર્ચ,૧૯૧૧ ના રોજ ઉત્તરપ્રદેશના કસાયામાં થયો હતો.તેમના પિતાનું નામ હીરાનંદ હતું.તેમણે બાળપણ લખનૌ,કાશ્મીર અને મદ્રાસમાં વિતાવ્યું હતું.ઈ.સ.૧૯૨૫માં પંજાબમાં પ્રવેશ પરિક્ષા પાસ કરી તેઓ મદ્રાસ ક્રિશ્ચિયન કૉલેજમાં દાખલ થયા.તેમણે બી.એસસી પૂર્ણ કર્યા બાદ અંગ્રેજી વિષય સાથે એમ.એ પૂર્ણ કર્યુ હતું.તેમની ઈ.સ. ૧૯૪૧ થી ૧૯૪૪ દરમિયાન 'શેખર:એક જીવની' નવલકથા બે ભાગમાં લખાયેલી છે.તે આત્મકથનાત્મક શૈલીમાં લખાયેલી પ્રથમ હિન્દી નવલકથા છે.આ ઉપરાંત નદી કે દ્વીપ,અપને અપને અજનબી જેવી નવલકથાઓ લખી છે.આ ઉપરાંત ઈ.સ. ૧૯૬૦માં આતમનેપદ,ઈ.સ.૧૯૭૬માં સબ રંગ કુછ રાગ અને ઈ.સ.૧૯૭૪ માં લિખિ કાગજ કૌરે નિબંધો રચ્યા છે.કેટલીક અન્ય ભાષાઓની નવલકથાઓનું અંગ્રેજી ભાષામાં અનુવાદ કર્યો છે.આંગન કે પાર દ્વાર,કિતની નાવો મેં કિતની બાર,પહેલે મેં સન્નાટા બનતા હું, મહાવૃક્ષ કે નીચે,નદી કઈ બાંક પર છાયા જેવા કાવ્યસંગ્રહો લખ્યા છે.હિન્દી સાહિત્યક્ષેત્રે આપેલ અમૂલ્ય પ્રદાન બદલ ઈ.સ ૧૯૬૪ માં "આંગનકે પાર દ્વાર" માટે તેમને સાહિત્ય અકાદમી પુરસ્કાર પ્રાપ્ત થયો અને ઈ.સ.૧૯૭૮માં "કિતની નાવોમેં કિતની બાર" કાવ્યસંગ્રહને ભારતીય જ્ઞાનપીઠ એવોર્ડ પ્રાપ્ત થયો હતો.

સચ્ચિદાનંદ હિરાનંદ વાત્સ્યાયન એક કવિ, લેખક અને સ્વાતંત્ર્ય સેનાની હતા. ભારતીય સ્વતંત્રતા ચળવળ દરમિયાન, તેમણે શ્રેણીબદ્ધ ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો અને ઘણા વર્ષો સુધી જેલમાં રહ્યા. તેઓ એક સ્થાપિત લેખક હતા જે તેમના ઉપનામ અજ્ઞેય (અજનેય) થી જાણીતા હતા. તેમનો જન્મ ૭ માર્ચ, ૧૯૧૧ ના રોજ ઉત્તર પ્રદેશ રાજ્યના કુશીનગર જિલ્લામાં થયો હતો.

સચ્ચિદાનંદે અંગ્રેજીમાં માસ્ટર પ્રોગ્રામમાં પ્રવેશ મેળવ્યો હતો. જોકે, તેમણે અભ્યાસ કાર્યક્રમ પૂર્ણ કર્યો ન હતો, કારણ કે તેમણે ક્રાંતિકારી સંગઠન, હિન્દુસ્તાન સમાજવાદી રિપબ્લિકન આર્મી માં જોડાવા માટે અભ્યાસ છોડી દીધો હતો અને ઘણી ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. ભગતસિંહના જેલમાંથી ભાગી જવાના કારણે ૧૯૩૦ માં તેમની ધરપકડ કરવામાં આવી હતી. પરિણામે, તેમને "રાજદ્રોહના આરોપો" હેઠળ સજા ફટકારવામાં આવી હતી અને આગામી ૪ વર્ષ અમૃતસર, દિલ્હી અને લાહોરની ઘણી જેલોમાં વિતાવ્યા હતા. જેલમાં રહીને, તેમણે ઘણી ટૂંકી વાર્તાઓ, કવિતાઓ અને શેખર: એક જીવનીનો પ્રથમ ડ્રાફ્ટ લખવાનું શરૂ કર્યું. ૪ એપ્રિલ ૧૯૮૭ ના રોજ તેમનું અવસાન થયું.. . રામે.. રામ.

**મેનેજિંગ તંત્રી**



**શ્રી બી.એસ પટેલ**
**અખંડ ભારત દૈનિક ન્યુઝ**
**ગાંધીનગર.ગુજરાત.**

# ટીંટોઈ પ્રા.શાળામાં ત્રિ-વિવિધ કાર્યક્રમ યોજાયા



પાર્થ પટેલ - અરવલ્લી જિલ્લાના ટીંટોઈની પ્રા.શાળા નં-૧ માં વાર્ષિક પારીતોષિત અર્પણ,ધો.૮ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા,તેમજ હેપ્પી રીટારયમેન્ટ કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૨૫માં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પારીતોષિક અર્પણ કરી ધો.૮ના વિદ્યાર્થીઓને શુભેચ્છા સાથે વિદાય આપવામાં આવી હતી.ઉપરાંત હેપ્પી રીટાયરમેન્ટ અંતર્ગત પ્રફુલાબેન આર સોની ની શાળામાં ફરજ દરમ્યાન કરેલી કામગીરીને બિરદાવી તેમનું નિવૃતિમય જીવન સુખરૂપ પસાર થાય તેવી શુભેચ્છા સાથે તેમનો વિદાય સમારંભ પણ યોજાયો હતો.આ તબક્કે શાળાના આચાર્ય,સ્ટાફ પરિવાર,બાળકો અને સ્થાનિક વાલીગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતો.-અખંડ ભારત

# તાજપુર કુંઇ નજીક ખોદકામ કરતાં પ્રજાને પરેશાની



કુંવરસિંહ - પ્રાંતિજ તાલુકાના તાજપુર કુંઇ નેશનલ હાઈવેની બંને બાજુનો સર્વિસ રોડનું ખોદકામ પ્રતિદિન દસ મિટર જેટલું કરવામાં આવતું હોઈ છેલ્લા છ માસથી ચાલતા આ ખોદકામને લઈને સ્થાનિક રાહદારીઓ,વાહન ચાલકોને અવરજવરમાં મોટી હાડમારી ઉપરાંત ધંધા રોજગારને પણ અસર પડી રહી હોઈ તાકીદે સર્વિસ રોડની કામગીરી પૂર્ણ કરવામાં આવે તેવી સ્થાનિક પ્રજાજનોની માંગ ઉઠી છે.-અખંડ ભારત

# દાહોદમાં રખડતા આંખલાઓનો ત્રાસ,બે બાળકોને શિંગડે ભરાવ્યા



હસમુખ પ્રજાપતિ - દાહોદ શહેરના ગોદીરોડ વિસ્તારમાં આવેલ સેન્ટ મેરી સ્કૂલની નજીક રહેતા પરીવાર ના વ્યક્તિ બે બાળકોને લઈ રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા તે સમયે ગોદી રોડ પર રખડતા આખલાઓએ શિંગડે ભરાવ્યા હતા.બાળક ને બચાવવા જતા હતા ત્યારે તે રસ્તા પર બેસેલ તમામ પશુઓએ એક સાથે તેમના પર હુમલો કરતા બુમાબુમ થતાં આસપાસના લોકો દોડી આવ્યાં હતાં અને બાળકોને સહિતના બધા લોકો ને આ રખડતા આખલાના સકંજામાંથી છોડાવ્યા હતા આ ઘટનામાં તેઓને નાની મોટી ઈજાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે દાહોદ શહેરમાં અવાર નવાર આવી ઘટના બનતી હોય છે.આવી ઘટના આવનાર સમયમાં ન બને અને ઘટનામાં કોઈનો જીવ જાય એ પહેલા કાયમી ઉકેલ લાવી રખડતા આંખલાઓને પકડી પાંજરે પૂરવામાં આવે એવી લોક માંગ ઉઠવા પામી છે આ સમગ્ર ઘટના સી સી ટીવી કેમેરા માં કેદ થઇ હતી-અખંડ ભારત

# મોડાસામાં (ખલીકપૂર )ખાતે ત્રિ દિવસીય બ્રહ્મજ્ઞાન શિબિર યોજાઈ



અરવલ્લી જિલ્લાના મોડાસામાં (ખલીકપૂર )ખાતે ત્રિ દિવસીય બ્રહ્મજ્ઞાન શિબિર નું આયોજન ચાવડા પરિવાર ના માતૃશ્રી પાનબાને ૧૦૦ વર્ષ પૂરા થતા શ્રી રાજન સ્વામી ની નિશ્રામાં હજારો ભક્તોએ ત્રિ દિવસીય બ્રહ્મજ્ઞાન શિબિર નો લ્હાવો લીધો હતો .શ્રી રાજન સ્વામી એ જણાવ્યું હતું મસ્જિદ, ગુરુદ્વાર ,ચર્ચમાં સરકાર નો વહીવટ નથી હોતો પણ હજારો મંદિરમાં સરકારશ્રી વહીવટ કરે છે જેમાં હિન્દુઓએ આપેલી દાનની રકમ અન્ય જગ્યાએ વપરાતી હોય છે જો એ જ દાનની રકમ થી ગામડે ગામડે ગુરુકુળ ખોલવામાં આવે અને ભારતીય સંસ્કૃતિ વેદો, વૈદિક ગણિત જેવું જ્ઞાન આપવામાં આવે તો ગરીબાઈ બેરોજગારી દૂર થાય તેવું જણાવ્યું હતું. શ્રી રાજન સ્વામી નું સન્માન વિવિધ ધાર્મિક સામાજિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યું હતું .જલારામ મંદિર ટ્રસ્ટના નરેશ પારેખ , જીવદયા પ્રેમી નિલેશ જોશી ચામુંડા મંદિર પ્રમુખ ઈશ્વર ભાવસાર મોડાસાના કલ્પેશ પંડયા વિનોદ ભાવસાર શૈક્ષણિક ક્ષેત્રે જોડાયેલા અમરીશ પંડયા સામાજિક કાર્યકર ટીબી બામણીયા એ સ્વામી જીનું સન્માન કર્યું હતું આ સમગ્ર કાર્યક્રમ ચાવડા કાંતિભાઈ.ચંદુભાઈ, બિપીનભાઈ હેમંતભાઈ રાજ વણકર. સોમભાઈ બારીયા દ્વારા કરવામાં આવ્યું હતું ભક્તજનો માટે જ્ઞાન શિબિર બાદ મહાપ્રસાદ ની વ્યવસ્થા કરવામાં આવી હતી.-અખંડ ભારત

# મેઘરજના પંચાલ ગામમાં પ્રમાણપત્ર અને બોટલનું વિતરણ કરાયું



અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના પંચાલ ગામ ખાતે ૩૦ બહેનોને પરિવર્તન ટ્રસ્ટના ઉપક્રમે શિવણ તાલીમ આપવામાં આવી હતી. તાલીમાર્થીઓને પરિવર્તન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને આ પંથકમાં મહિલા ઉન્નતિના ઉમદા હેતુ સાથે કાર્ય કરી રહેલા જગદીશભાઈ પંડયા દ્વારા શિવણ તાલીમ વર્ગના તાલીમાર્થીઓને તાલીમ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા ભાનુભાઈ દવેએ રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ સ્વરોજગારી વિષયક કલ્યાણકારી પ્રવૃત્તિઓની માહિતી આપી હતી અને તાલીમાર્થી બહેનોને પીવાના પાણીની બોટલનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# નેત્રંગમાં પ્રા.શિ.અધિકારીનો સત્કાર કાર્યક્રમ યોજાયો



પ્રતિક પ્રજાપતિ - નેત્રંગમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે દિગ્વિજયસિંહ રાણાની નિમણૂંક થતાં પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ નેત્રંગ અને ભરૂચ દ્વારા તાલુકા પંચાયત શિક્ષણશાખા નેત્રંગ ખાતે સન્માન સત્કાર કાર્યક્રમ યોજવામાં આવ્યો.અને જુના ટી. પી. ઓ. સુરેશભાઈ વસાવાનો વિદાય કાર્યક્રમ રાખવામાં આવ્યો. જે કાર્યક્રમમાં શૈક્ષિક મહાસંઘ ભરૂચના અધ્યક્ષ પુષ્પરાજસિંહ ગોહિલ, કાંટીપાડાના ગ્રુપ શિક્ષક અને બીટ નિરીક્ષણ વજેસિંગભાઈ, પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ નેત્રાંગના અધ્યક્ષ રાજનભાઈ ગાંવિત, મહામંત્રી મહેન્દ્રભાઈ વસાવા, સિ.ઉપાધ્યક્ષ વિનોદભાઈ, સંગઠન મંત્રી અંકિતભાઈ, સહમંત્રી શશીકાંતભાઈ, દર્શનભાઈ જેઓ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.-અખંડ ભારત

# મોટા કાપરા ખાતે પ્રથમ વાર્ષિકોત્સવ કાર્યક્રમ યોજાયો






અશોક નાયી - શિક્ષણના પ્રવાહને એક નવી દિશામાં લઈ જનાર અને બાળકોમાં પડેલી કૌશલ્ય કળાને લોકો સમક્ષ લાવનાર રાજકુંવર ફાઉન્ડેશનના નેજા હેઠળ લાયન્સ આર્ટસ કોલેજ મોટાકાપરાએ એક નવો વિક્રમ સ્થાપિત કર્યો છે વર્ષ ૨૦૨૨ માં લાયન્સ આર્ટસ કોલેજનો પાયો નખાયો અને છેલ્લા ત્રણ વર્ષમાં લોક હૃદયમાં આગવું સ્થાન મેળવી અને પ્રથમ વાર્ષિક મહોત્સવનુ સુંદર આયોજન મોટા કાપરાં મુકામે રાખવામાં આવ્યું જેમાં આ ભવ્યાતિ ભવ્ય પ્રથમ વાર્ષિક મહોત્સવને ચાર ચાંદ લગાવવા માટે ધર્મ અને આસ્થા સાથે જોડાયેલ તરભ વાળીનાથ જગ્યાના એક દિવ્ય અને શિક્ષણ પ્રિય મહંતશ્રી પરમ પૂજ્ય મહંત શ્રી જયરામગીરી બાપુની વિશેષ ઉપસ્થિતિમાં કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો સૌ પ્રથમ દીપ પ્રાગટ્ય અને ગણેશ વંદના સાથે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો અને કોલેજમાં શ્રેષ્ટ પરિણામ મેળવનાર વિધાર્થીઓને મહાનુભાવોની ઉપસ્થિતિમાં ટ્રોફી અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા ત્યારબાદ આપણી ગૌરવ શાળી સંસ્કૃતિને જીવંત રાખી શકે એવા વિવિધ સાંસ્કૃતિક નાટકો અને સાંસ્કૃતિક પ્રસંગો રજૂ કરવામાં આવ્યા અને લાયન્સ આર્ટસ કોલેજ મોટાકાપરા સંસ્થાના ટ્રસ્ટીગણ અને મહેમાનો દ્વારા પૂજ્ય મહંત શ્રી જયરામગીરી બાપુને ભારતીય સંત પરંપરા મુજબ તલવાર અને વિવિધ ભેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા અને આ તબ્બકે સંસ્થાના પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટીડૉ. હેમુભા સોઢા,મોડસિંહ રાજપૂત મામલતદાર ભચાઉ - ટ્રસ્ટી,કૈલાસભાઈ બધેલ ધાનેરા ટ્રસ્ટી ધીરજભાઈ દરજી પ્રમુખ લાયન્સ સ્કૂલ લાખણી,ડૉ. ધેગાભાઈ ચાવડા મેનેજીંગ ટ્રસ્ટી લાયન્સ સ્કૂલ લાખણી,નારણભાઈ દેસાઈ સરપંચ મોટાકપરા,નારણભાઈ દેસાઈ ચેરમેન APMC લાખણી જયેશ કરમટા પ્રમુખ કાંગ્રેસ લાખણી,આજુબાજુની શાળાના આચાર્યશ્રી ,શિક્ષકો, દૂર દુરથી આવેલા સૌ મહેમાનો ,યુવાન મિત્રો , ગ્રામજનોએ આ સુંદર કાર્યક્રમને નિહાળ્યો હતો અને લાયન્સ પરિવારની ટીમ અને સૌ સાથે મળીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. -અખંડ ભારત

# આર્મી જવાનનું પ્રમોશન થતાં પંથકમાં ખુશી



કુલદીપ- સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારના માં ભોમની રક્ષા માટે આર્મીમાં જોડાયેલ આર્મી જવાન અરવિંદભાઈ વાલજી ખરાડીનું તાજેતરમાં પ્રમોશન થતાં તેમને મેજરની પદવી સાથે બઢતી મળતા તેમને ગામ અને તાલુકા નું ગૌરવ વધારતા સૌ સ્થાનિકો, સમાજ અગ્રણીઓ શુભેચ્છા પાઠવી હતી.

-અખંડ ભારત

# જૂનાગઢમાં વિદ્યાર્થીઓ માટે ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમ યોજાયો




કિશન બહેચા- જુનાગઢ ટ્રાફિક પોલીસ દ્વારા આજે ભાલોડીયા હાઈસ્કૂલ, જુનાગઢના વિદ્યાર્થીઓ માટે વિશેષ અવેરનેસ કાર્યક્રમ યોજાયો.વિદ્યાર્થીઓને કાળવા ચોક, મજેવડી દરવાજા તથા અન્ય મહત્ત્વના સ્થળોએ ટ્રાફિક પોલીસ અને ટ્રાફિક બ્રિગેડ સાથે રાખી, ટ્રાફિક નિયમોની મહત્ત્વપૂર્ણ જાણકારી આપવામાં આવી. તેમજ અંડરએજ ડ્રાઈવિંગના જોખમો અને મોટર વાહન અધિનિયમ અંતર્ગત કાચા/પાકા લાયસન્સની જરૂરીયાત અંગે માહિતી આપવામાં આવી હતી.આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં ટ્રાફિક શિસ્ત અંગે જાગૃતિ ઊભી કરવા તથા રોડ અકસ્માતના પ્રમાણમાં ઘટાડો લાવવા પ્રેરણા મળી હતી.-અખંડ ભારત

# તોયણી પ્રા.શાળામાં વિદાય સમારંભ યોજાયો



વિપુલ બારીયા- તોયણી પ્રાથમિક શાળાના આ.શિ.પ્રતાપભાઈ બાબુભાઈ બારીઆ વય મર્યાદાના કારણે નિવૃત થતાં વિદાય સમારંભ યોજાયો હતો.આ તબક્કે શાળાના આચાર્ય આચાર્ય હિમાંશુ પટેલ અને શાળા પરિવાર તરફથી સ્મૃતિ ભેટ આપી નિવૃતિમય જીવન નિરોગી અને તંદુરસ્ત રીતે પસાર થાય તેવી શુભેચ્છા પાઠવી હતી.અખંડ ભારત

# દહેગામ નજીક અકસ્માતમાં બેના મોત

દહેગામ તાલુકામાં અરજણજીના મુવાડા રોડ પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે.આ અકસ્માતમાં કાકા-ભત્રીજાનું કરુણ મોત નિપજ્યું છે.બનાવની વિગતો મુજબ, ભાટઈ ગામના નરેશકુમાર ચંદ્રસિંહ ચૌહાણ તેમના ભત્રીજા યુવરાજસિંહ (ઉ.વ.૧૬) સાથે બાઈક નંબર GJ-18-DH-0590 પર દેવકરણના મુવાડા ગયા હતા. સાંજે લગભગ સાડા પાંચ વાગ્યે તેઓ પરત ફરી રહ્યા હતા.

ત્યારે રાધાકુઈથી અરજણજીના મુવાડા વચ્ચેના રોડ પર તેમની બાઈકની પિકઅપ ડાલા નંબર GJ-27-U-3585 સાથે અકસ્માત સર્જાતા આ સર્જાયેલ અકસ્માતમાં નરેશકુમાર અને યુવરાજસિંહ બંનેને મોઢા અને નાકના ભાગે ગંભીર ઈજાઓ થતાં જશવંતસિંહે બંનેને તાત્કાલિક ખાનગી વાહનમાં દહેગામની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.જ્યાં ફરજ પરના ડૉક્ટરે બંનેને મૃત જાહેર કરતા અકસ્માતમાં કાકા-ભત્રીજા બંન્નેનું મોત નિપજયાંના સમાચાર પરિવારજનોને મળતા જ ગામ પંથકમાં શોકનો માહોલ પ્રસરી ગયો હતો.જે બનાવ અંગે દહેગામ પોલીસે અકસ્માતે મોતનો ગુનોં નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# નેસ ફળિયા ઉચવાણ પ્રાથમિક શાળા વિદાય સમારંભ યોજાયો



વિપુલ બારીયા - નેસ ફળિયા ઉચવણ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા મુખ્ય શિક્ષક સુનિલ રાણાનો વિદાય સમારંભ દેવગઢ બારિયા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ બુધાભાઈ પરમારના અધ્યક્ષપદે શાળાના પટાંગણમાં યોજવામાં આવ્યો હતો.અધ્યક્ષ પદેથી સંબોધતા બુધાભાઈ પરમારે સુનિલભાઈ રાણાને એક બાહોશ ,કર્તવ્ય નિષ્ઠ શિક્ષક ગણાવ્યા હતા .તેઓ તેમની શિક્ષક તરીકેની કારકિર્દી દરમિયાન અંગ્રેજીના એક ઉત્તમ તજજ્ઞ તરીકેની કામગીરી સમય સમયે નિભાવી હતી.આ પ્રસંગે તેઓને સન્માનવા માટે દેવગઢ બારિયા પ્રાથમિક શિક્ષક સંઘના હોદેદારો,પગાર કેન્દ્રના શિક્ષક મિત્રો શાળાનો સ્ટાફ એસએમસીના સભ્યો શાળાના બાળકો તેમજ વાલીઓ અને સુનિલભાઈ રાણાના સગા સંબંધીઓ આ પ્રસંગે હાજર રહી તેઓને સન્માનિત કર્યા હતા.-અખંડ ભારત

# દહેજ પીસીપીઆઈઆરના વાહનો માટે ૧૪૧૨ કરોડના ખર્ચે બે રોડ નિર્માણ કરાશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને વિઝનથી ગુજરાતમાં નિર્માણ થયેલા દહેજ PCPIRને આગામી દિવસોમાં વધુ સંગીન અને સુદ્રઢ રોડ કનેક્ટિવિટી મળતાં વાહન યાતાયાત સાથે રોકાણકારો માટે ઇઝ ઓફ ટ્રાન્સપોર્ટેશન સરળ બનશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં ભરૂચ ની મુલાકાત દરમ્યાન આ હેતુસર ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડ દ્વારા ભરૂચ-દહેજ રોડ પર હાથ ધરાઈ રહેલા અદ્યતન રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામોની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.ભરુચ-દહેજ રોડ પર ભોલાવ જંકશનથી શ્રાવણ જંકશન સુધીનો ૩.૪૦ કિ.મી. લાંબો છ લેન એલિવેટેડ કોરિડોર અંદાજે રૂ.૪૪૦ કરોડના ખર્ચે આકાર પામી રહ્યો છે. આ જ માર્ગ પર માનુબાર જંકશનથી દહેજ સુધી ૩૮.૫૦ કિ.મી.નો એક્સેસ કંટ્રોલ્ડ એક્સપ્રેસવે અંદાજે રૂ.૯૭૨ કરોડના ખર્ચે નિર્માણાધિન છે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ સમગ્રતયા ૪૧.૯૦ કિલોમીટરમાં રૂ.૧૪૧૨ કરોડના અંદાજિત ખર્ચે હાથ ધરાઈ રહેલા કામોની સમીક્ષા કરીને પ્રગતિની વિગતો મેળવી હતી.

# આરોગ્ય કર્મચારીઓનું આંદોલન અચાનક મોકૂફ:પ્રમુખે ચાર દિવસ માટે ઘરે જવાનો આદેશ આપ્યો, કર્મચારીઓ મુંઝવણમાં



રાજયનાં પંચાયત વિભાગના આરોગ્ય કર્મીઓની ગાંધીનગરમાં ચાલી રહેલી હડતાળ સંદર્ભે મહત્ત્વના સમાચાર આવ્યા છે. ગઈકાલે મહાસંઘના પ્રમુખ રણજીતસિંહ મોરીએ અચાનક આંદોલન કરનાર કર્મચારીઓને આગામી ચાર દિવસ માટે ગાંધીનગર છોડી દેવાની સૂચના આપી આંદોલન ચાલુ જ હોવાની હૈયા ધારણા આપી સોમવાર પાછા આવી જવાની પણ હાકલ કરી છે. જે બાદ ૩૩ જિલ્લાના પ્રમુખોની સાથે તેમણે મિટિંગ પણ યોજી હતી. જોકે, મિટિંગમાં શું નિર્ણય લેવાયો એ સત્તાવાર જાહેર નહી કરવામાં આવતાં આરોગ્ય કર્મચારીઓ પણ અસમંજસની સ્થિતિમાં મુકાઈ ગયા છે.રાજ્યભરના પંચાયત સેવા આરોગ્ય કર્મચારીઓ પડતર માંગને લઈ ૧૭ માર્ચથી હડતાળ ઉપર છે. એક તરફ કર્મચારીઓ પડતર પ્રશ્નોના ઉકેલ બાદ જ હડતાળ પરત ખેંચવા માટે અડગ છે. તો બીજી તરફ સરકારે હડતાળ પૂર્ણ કર્યા બાદ જ ચર્ચા કરવાની વાત કરી છે. આ બધા વચ્ચે આરોગ્યની સેવાઓને અસર થતાં એસ્મા લાગુ કરીને હડતાળ ઉપર ઉતરેલાં કર્મચારીઓ સામે આકરાં પગલાં લેવાય રહ્યાં છે. જે અન્વયે આંદોલનકારી કર્મચારીઓને છૂટા કરી દેવાના પણ આદેશો જારી કરી દેવાયા છે.આરોગ્ય મહાસંઘના પ્રમુખ રણજીત સિંહ મોરીની આગેવાનીમાં કર્મચારીઓ પોતાની માંગને લઈને અળગ રહી ગાંધીનગરમાં આંદોલન કરી રહ્યા છે. જો કે ગઈકાલે પ્રમુખ મોરીએ એકાએક આરોગ્ય કર્મચારીઓને આગામી ચાર દિવસ આંદોલન પડતું મૂકીને ગાંધીનગર છોડી દેવાની સૂચના અપાઈ હતી. અને વળી પાછું આંદોલન ચાલુ હોવાનો દાવો કરીને સોમવારે પાછા ગાંધીનગર આવી જવા માટે પણ કહેવાયું હતું. આમ કોઈપણ એજન્ડા વિના એકાએક પ્રમુખ તરફથી ગાંધીનગર છોડી દેવાની સૂચના આપવામાં આવતા કર્મચારીઓ પણ અસમંજસમાં મુકાઈ ગયા છે.આરોગ્ય કર્મચારીઓમા ગણગણાટ શરૂ થયો છે કે કોંગ્રેસનું અધિવેશન મળવા જઈ રહ્યું છે. જેમાં રાહુલ ગાંધીથી લઈ કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ આવવાના છે. આવા સમયે ગાંધીનગરમાં આંદોલન થાય એ સરકારને પોષાય એમ નથી. વળી સરકાર તરફથી છૂટા કરેલા આરોગ્ય કર્મચારીઓને આજે ફરજ પર હાજર થઈ જવાની છેલ્લી તક આપવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે. જોકે હાલમાં તો કર્મચારીઓ અવઢવમાં મુકાઈ ગયા છે. કેમકે આટલા દિવસોથી ગાંધીનગરમાં ધામા નાખી થાળી વગાડી, આરતી કરી, સહી ઝુંબેશ કરી, અટકાયત વહોરી, ધોમધખતા તાપમાં બેસી રહ્યાં અને છેલ્લે પ્રમુખ તરફથી કોઈપણ નિર્ણય વિના આંદોલન મોકૂફ રાખવાની સૂચના આપવામાં આવતા કર્મચારીઓમાં પણ રોષ વ્યાપી ગયો છે.

# ગાંધીનગરમાં બેવડી ઋતુનો અનુભવ:સવારે ૨૯ ડિગ્રી તાપમાન



ગાંધીનગરમાં વાતાવરણમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળી રહ્યો છે. આજે ગુરુવારે સવારે શહેરનું તાપમાન ૨૯ ડિગ્રી નોંધાયું છે. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સુધી પહોંચવાની આગાહી છે. ગઈકાલે બુધવારે શહેરમાં દિવસ અને રાત્રિના તાપમાનમાં ૨૦ ડિગ્રીનો તફાવત નોંધાયો હતો. મહત્તમ તાપમાન ૪૦.૮ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૦.૮ ડિગ્રી રહ્યું હતું. આજે લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી સુધી જવાની શક્યતા છે.ગાંધીનગર મહાનગરપાલિકાએ ઉનાળાની સીઝનમાં નાગરિકોની સુરક્ષા માટે વિશેષ પગલાં લીધા છે. પાણીજન્ય રોગચાળા અને હીટવેવથી બચવા માટે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. પાણીના નિયમિત ક્લોરીનેશન અને સ્વચ્છતા જાળવણી પર ભાર મૂકવામાં આવ્યો છે.મનપા દ્વારા શેરડીના રસના બરફના ગોળા, લારીઓ અને બરફ ફેક્ટરીઓની નિયમિત તપાસ કરવામાં આવશે. ફૂડ શાખા દ્વારા સેમ્પલ લેવાની કામગીરી પણ હાથ ધરાશે. નાગરિકોની સુવિધા માટે ORS પેકેટનું વિતરણ કરાશે અને NGOના સહયોગથી પાણી અને છાશનું વિતરણ થશે.ગરમીથી રાહત આપવા માટે શહેરમાં આઠથી વધુ સ્થળોએ મંડપ ઊભા કરવામાં આવશે. આ મંડપોમાં લોકો છાયડામાં આરામ કરી શકશે. મહાનગરપાલિકા દ્વારા IEC પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવશે, જેથી લોકોને ગરમીથી બચવાની માહિતી મળી રહે.

# ગાંધીનગરમાં ૧૯ સ્થળો ઉપર તંત્ર દ્વારા તપાસ



ડીસાની ઘટના બાદ ગાંધીનગરનું તંત્ર સફાળું જાગી ઉઠયું છે અને રાજ્યભરમાં તપાસ કરવામાં આવી રહી છે, ત્યારે ગાંધીનગર જિલ્લામાં ફટાકડાના ૧૯ સ્થળ ભયજનક હોવાનું સામે આવ્યું છે. લાયસન્સ વગર અને રિન્યુ કરાવ્યા વગરના એકમોમાં તપાસ હાથ ધરવામાં આવી છે. દહેગામ તાલુકામાં ૬ અને કલોલમાં ૧૧ એકમોમાં તપાસ હાથ ધરવામાં આવી છે. આ સિવાય માણસા અને ગાંધીનગરમાં એક-એક એકમમાં તપાસ હાથ ધરવામાં આવી છે. તંત્રએ તપાસ કરી તમામ એકમો હાલમાં બંધ કરાવ્યા છે.

# કલોલમાં મહિલાઓ સાથે અભદ્ર વર્તનનો આરોપ:શિવ કૃપા રેસીડેન્સીમાં ગેરકાયદે ભાડુઆતો સામે પોલીસ ફરિયાદ



કલોલના બોરીસણા વિસ્તારમાં આવેલી શિવ કૃપા રેસીડેન્સીમાં ગંભીર પ્રકારની ઘટના સામે આવી છે. સોસાયટીના રહીશોએ કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે મકાન માલિક દ્વારા જિલ્લા કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરીને ગેરકાયદેસર રીતે ૧૦ યુવકોને મકાન ભાડે આપવામાં આવ્યું છે.આરોપી મકાન માલિક લક્ષ્મણ રબારી (હાલ રહે. દ્વારકેશ સોસાયટી, મૂળ રહે. રાજસ્થાન) કલોલમાં સિટી મોલ-૧માં ચાની કિટલી ચલાવે છે. તેમણે સોસાયટીના સંચાલકોની જાણ બહાર છેલ્લા બે મહિનાથી વધુ સમયથી અજાણ્યા યુવકોને મકાન ભાડે આપ્યું છે.સોસાયટીના રહીશોનો આરોપ છે કે આ ભાડુઆતો દ્વારા સોસાયટીની મહિલાઓ સાથે બિભત્સ અને અસભ્ય વર્તન કરવામાં આવી રહ્યું છે. જ્યારે આ અંગે મકાન માલિકને રજૂઆત કરવામાં આવી ત્યારે તેમણે તમારાથી જે થાય એ કરી લેજો એવી ધમકી આપી હતી.

સોસાયટીના રહીશ પ્રજાપતિએ જણાવ્યું કે મકાન માલિકે ભાડા કરાર કર્યા વગર અને સરકારી નિયમોનું ઉલ્લંઘન કરીને એક જ મકાનમાં ૧૦થી વધુ યુવકોને રાખ્યા છે. આ મામલે પોલીસે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

# ઊંઝા ઉમિયા માતાજી મંદિરમાં ચૈત્રી નવરાત્રિની ઉજવણી

કડવા પાટીદાર સમાજના કુળદેવી શ્રી ઉમિયા માતાજી મંદિર, ઊંઝામાં ચૈત્રી નવરાત્રિની ભવ્ય ઉજવણીની તૈયારીઓ થઈ રહી છે. આગામી ૫ એપ્રિલ ૨૦૨૫ના રોજ ચૈત્ર સુદ આઠમના શુભ દિવસે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.




દિવસની શરૂઆત સવારે ૯ કલાકે નવચંડી હવનથી થશે. રાત્રે ૮:૪૫ કલાકે શ્રી ઉમિયા માતાજીની મહાઆરતી યોજાશે. આ વિશેષ અવસર પર ૫૦૧ દીપની સમૂહ આરતીનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ઉમા ભક્તો મોટી સંખ્યામાં જોડાશે.કાર્યક્રમને વધુ આધ્યાત્મિક બનાવવા માટે બહેનો માથે ગરબા સાથે ભક્તિભાવપૂર્વક ગરબા રમશે. હાલમાં મંદિરમાં શ્રદ્ધાળુઓની સતત આવન-જાવન જોવા મળી રહી છે, જેઓ માતાજીના દર્શનનો લાભ લઈ રહ્યા છે.

# પત્નીના અવૈધ સંબંધોથી કંટાળી આપઘાતનો પ્રયાસ:ગાંધીનગરના આધેડે ઝેરી દવા પીધી



ગાંધીનગરના ચીલોડા વિસ્તારમાં ૪૬ વર્ષીય આધેડે ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો છે. હાલ તેઓ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આઈસીયુમાં સારવાર હેઠળ છે. આપઘાત પહેલાં આધેડે એક ઓડિયો મેસેજ બનાવ્યો હતો. તેમાં તેમણે ગાંધીનગર કોર્પોરેશનના એક પદાધિકારીના ડ્રાઈવર પર ગંભીર આરોપો મૂક્યા છે. આધેડનો આરોપ છે કે ડ્રાઈવરના તેમની પત્ની સાથે આડા સંબંધો છે.ઓડિયો ક્લિપમાં આધેડે જણાવ્યું કે તેમના લગ્ન ૨૦૦૨માં થયા હતા. ૨૦૧૬ સુધી પરિવાર સુખી હતો. તે વર્ષે તેઓ બીમાર પડયા ત્યારે હોસ્પિટલમાં આ ડ્રાઈવર મળવા આવતો હતો. ત્યારબાદ તેણે આધેડની પત્નીને પોતાની વાતોમાં ફસાવી લીધી. આધેડનો આરોપ છે કે છેલ્લા આઠ વર્ષથી આ સંબંધો ચાલે છે. ડ્રાઈવરે તેમની પત્ની અને બાળકો પર વશીકરણ કર્યું છે. પત્ની હવે તેમનાથી અલગ થઈ ગઈ છે. પત્નીએ કહ્યું કે પતિ મરી જાય તો પણ કોઈ ફરક નહી પડે.છેલ્લા પંદર દિવસથી પત્ની પિયર ગઈ છે. આધેડે તેમને મનાવવાનો પ્રયાસ કર્યો. પત્નીએ આડા સંબંધોનો ઈનકાર કર્યો અને ડ્રાઈવર સાથે સારા સંબંધો રાખવાની શરતે ઘરે પાછા આવવાની વાત કરી. ચીલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. ઓડિયો ક્લિપની દિશામાં પણ તપાસ થાય તેવી શક્યતા છે.

# કલોલના પ્રતાપપુરા ગામે રામાપીર મંદિરનો ફોટો પ્રતિષ્ઠા મહોત્સવ:બે દિવસીય કાર્યક્રમમાં જ્યોત યાત્રા, ધ્વજારોહણ અને મહા આરતીનું આયોજન






કલોલ તાલુકાના પ્રતાપપુરા ગામમાં નવનિર્મિત ભગવાન શ્રી રામાપીર મંદિરનો ફોટો પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો. સમસ્ત ગ્રામજનોના સહયોગથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.બે દિવસ સુધી ચાલેલા આ મહોત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા. પ્રથમ દિવસે ભગવાન રામાપીરના ફોટો સાથે ભવ્ય જ્યોત યાત્રા નીકળી. હિંદુ શાસ્ત્રોની વિધિ અનુસાર ધ્વજારોહણ અને હવન કરવામાં આવ્યા. ત્યારબાદ મંદિરમાં ફોટો પ્રતિષ્ઠા કરી મહા આરતી કરવામાં આવી. આ પવિત્ર અવસરે માત્ર પ્રતાપપુરા ગામના જ નહીં, પરંતુ આજુબાજુના ગામોમાંથી પણ મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું.

# શાકભાજીના ભાવમાં મોટો ઘટાડો:સાબરકાંઠાના પ્રાંતિજ અને તલોદ વિસ્તારમાં શાકભાજીના ભાવ ગગડતા ખેડૂતોની સ્થિતિ કફોડી બની





સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અને તલોદ વિસ્તારમાં શાકભાજીના ભાવ ગગડતા ખેડૂતોની સ્થિતિ કફોડી બની છે. આ વિસ્તારમાંથી ફુલાવર, કોબીજ સહિતની શાકભાજી અમદાવાદ, મુંબઈ સહિત અન્ય રાજ્યોમાં મોકલવામાં આવે છે.પ્રાંતિજના જેશિંગપુરના ખેડૂત ગોપાલસિંહ રાઠોડે જણાવ્યું કે, તેમણે બે વીઘામાં ટામેટા, ત્રણ વીઘામાં કોબીજ અને ફુલાવરનું વાવેતર કર્યું છે. હોલસેલ માર્કેટમાં ૨૦ કિલોનું કોબીજનું જભલું માત્ર ૫૦ રૂપિયામાં વેચાય છે. ફુલાવર અને ટામેટાનું જભલું ૧૦૦ રૂપિયામાં વેચાય છે.ખેતીમાં મજૂરી ખર્ચ રોજના ૨૦૦૦થી ૨૫૦૦ રૂપિયા થાય છે. દવાનો ખર્ચ અલગથી છે. પેકિંગ માટે પ્લાસ્ટિકના જભલા, સુતળી અને ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ પણ ઉમેરાય છે. એક વીઘાનો કુલ ખર્ચ ૩૦થી ૩૫ હજાર રૂપિયા થાય છે. ખેડૂતોની માગણી છે કે ઓછામાં ઓછા ૨૦૦થી ૩૦૦ રૂપિયાનો ભાવ મળે તો જ ખેતી પોષણક્ષમ બને.શાકભાજીના હોલસેલ વેપારી સંજયભાઈ બારોટના જણાવ્યા મુજબ, ડિસેમ્બર ૨૦૨૪થી ફુલાવર, કોબીજ અને ટામેટામાં મંદી જોવા મળી રહી છે. મહાકુંભ અને રમઝાન માસની પણ અસર દેખાઈ છે. જોકે, હાલમાં નવા પાકમાં થોડી તેજી આવી છે.

હિંમતનગરના હોલસેલ માર્કેટમાં આજે ફુલાવરના ભાવ ૧૬૦-૨૦૦ રૂપિયા, કોબીજ ૮૦-૧૨૦ રૂપિયા અને ટામેટા ૪૦-૮૦ રૂપિયા (૨૦ કિલોના) જોવા મળ્યા છે. અન્ય શાકભાજીમાં ચોળી અને ગવાર ૧૮૦૦-૨૦૦૦ રૂપિયા, ભીંડી ૮૦૦-૧૦૦૦ રૂપિયા અને મરચા ૫૦૦-૭૦૦ રૂપિયામાં વેચાઈ રહ્યા છે.

# ગોવિંદાએ દીકરાને આપ્યો સફળતાનો મંત્ર!:યશવર્ધનને સલાહ આપી કહ્યું- ફિલ્મોમાં ક્યારેય ગાળોનો ઉપયોગ ન કરતો, ડેબ્યૂ પહેલા પિતાના કર્યા વખાણ

ગોવિંદાએ યશવર્ધનને ફિલ્મોમાં ગાળોનો ઉપયોગ ન કરવા કહ્યું યશવર્ધને ૨૦૧૬ની ફિલ્મો ડિશૂમ અને બાઘીમાં સર્પોર્ટિંગ એક્ટરની ભૂમિકાઓ ભજવી હતી. સ્ટાર કિડ હોવા છતાં, તેણે ૯ વર્ષ સુધી ઓડિશન આપ્યા. જોકે, યશવર્ધનને પાછળથી રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ફિલ્મ મેકર સાઈ રાજેશ સાથે પોતાનો પહેલો પ્રોજેક્ટ મળ્યો. તાજેતરમાં યશવર્ધને શેર કર્યું કે- તેના પિતા ગોવિંદાએ તેને ફિલ્મોમાં કારકિર્દી બનાવવા માટે સલાહ આપી હતી. એન્ટરટેઈનમેન્ટ સાથે વાત કરતા યશવર્ધને કહ્યું- મારા પિતાએ ક્યારેય સ્ક્રીન પર અપશબ્દોનો ઉપયોગ કર્યો નથી. બોલિવૂડમાં



આવતા પહેલા તેણે મને એક જ વાત કહી હતી કે ફિલ્મોમાં ક્યારેય ગાળોનો ઉપયોગ ન કરતો.

'ડાન્સ કે કોમિક ટાઈમિંગમાં મારા પિતાને કોઈ હરાવી શકે નહીં' યશવર્ધન આહુજાએ આગળ કહ્યું- મારા પિતા માને છે કે દરેક વ્યક્તિની પોતાની સફર હોય છે. મેં તેને ક્યારેય પોતાના ડાયલોગ્સ શીખતા કે યાદ રાખતા જોયા નથી. પણ, તેમ છતાં, તેની ટાઈમિંગ એકદમ



જબરદસ્ત હોય છે. તેની યાદશક્તિ ખૂબ સારી છે. ડાન્સ કે કોમિક ટાઈમિંગમાં તેને કોઈ હરાવી શકે નહી. મારા પિતાને જોઈ જોઈને મેં ઘણું શીખ્યું છે.યશવર્ધન-રાશાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ તાજેતરમાં જ યશવર્ધન અને રાશાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો. આમાં, તેણે ગોવિંદા અને રવિનાના ફેમસ ડાન્સ નંબર 'અખિયોં સે ગોલી મારે' ટાઈટલ ટ્રેકને રીક્રિએટ કર્યો હતો. નેટીઝન્સ તેમની કેમિસ્ટ્રી જોઈ ચોંકી ગયા હતા, ઘણા લોકોએ કોમેન્ટ પણ કરી હતી કે- બંનેને સાથે લઈ એક ફિલ્મ બનાવવી જોઈએ.અત્યાર સુધીમાં ઘણા સ્ટાર કિડ્સે પોતાનું ડેબ્યૂ કર્યું છે વર્ષ ૨૦૨૫ની શરૂઆતથી, ઘણા સ્ટાર કિડ્સે બોલિવૂડમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. રવિના ટંડનની પુત્રી રાશા થડાનીએ અજય દેવગનના ભાણા અમન દેવગન સાથે બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. ત્યારબાદ સૈફ અલી ખાનના દીકરા ઈબ્રાહિમ અલી ખાને જાહ્નવી કપૂરની બહેન ખુશી કપૂરની સામે ફિલ્મ 'નાદાનિયાં'થી પોતાની કરિયરની શરૂઆત કરી.

## મૌની રોય નવા લુકને લઈ ટ્રોલ થઈ:યુઝર્સે કહ્યું- કેટલી વાર પ્લાસ્ટિક સર્જરી કરાવશે; ટૂંક સમયમાં ભૂતની ફિલ્મમાં જોવા મળશે

ટીવી અને બોલિવૂડ એક્ટ્રેસ મૌની રોય ટૂંક સમયમાં સંજય દત્ત સાથે ફિલ્મ 'ભૂતની'માં જોવા મળશે. એક્ટ્રેસે તાજેતરમાં એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જે બાદ યુઝર્સ અભિનેત્રીને જોરદાર ટ્રોલ કરી રહ્યા છે. તેમાં મૌનીનો લુક ઘણો બદલાયેલો લાગે છે. યુઝર્સનું કહેવું છે કે, એક્ટ્રેસે પોતાના હોઠની સર્જરી કરાવી છે.આ ઈવેન્ટમાં મૌની રોય કાળા ડ્રેસમાં જોવા મળી હતી. આ દરમિયાન એક્ટ્રેસ સાથે સોનમ બાજવા અને દિશા પટણી પણ જોવા મળી હતી. આ કાર્યક્રમમાં મૌની રોયનો ચહેરો એકદમ બદલાયેલો દેખાતો હતો. વીડિયોમાં એક્ટ્રેસ નવી હેરસ્ટાઈલમાં જોવા મળી રહી છે, તેના હોઠ પણ થોડા ભરેલા દેખાય છે.મૌની રોયના આ લુક પર



ચાહકો મિશ્ર પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. કેટલાક લોકોએ તેના લુકની પ્રશંસા કરી, તો કેટલાકે કહ્યું કે, તે કેટલીવાર પ્લાસ્ટિક સર્જરી કરાવશે. કેટલાક યૂઝર્સે તેને બોટોક્સ અને લિપ ફિલર્સનું પરિણામ હોવાનું જણાવ્યું છે.

મૌની રોયનો વીડિયો જોઈને સોશિયલ મીડિયા યુઝર્સે કમેન્ટ કરી અને કહ્યું, 'મૌની હવે મૌની જેવી દેખાતી નથી.' તેને ઓળખવા માટે મારે કેપ્શનમાં જોવું પડ્યું. એક યુઝરે લખ્યું, 'તેણે બધી સર્જરીઓ કરાવીને બધું બરબાદ કરી દીધુંછે. તે ઓળખી શકાતી નથી અને તે કેવી રીતે ક્યૂટ લાગી શકે?' બીજા યુઝરે લખ્યું, 'સર્જરીની દુકાન, આખા ચહેરાને ડિઝાઇન બનાવી દીધી. જેમ બાળકો ડ્રોઈંગ કરે છે, તેવી જ રીતે, ડૉક્ટરે પણ કેટલીક કલાકારી કરી દીધી છે.મૌની રોય ૧૮ એપ્રિલે રિલીઝ થતી ફિલ્મ 'ધ ભૂતની'માં જોવા મળશે.

## જીવન લાંબુ છે, ઘણું બધું કરવાનું છે:એક્ટ્રેસે કહ્યું- ટ્રોલ કરનારાઓ કરે છે પણ મને કોઈ ફરક નથી પડતો

સારા અલી ખાન ઘણીવાર તેના પ્રોફેશનલ અને પર્સનલ જીવન લઈ ટ્રોલ થાય છે. એક્ટ્રેસે તાજેતરમાં આ વિષય પર વાત કરી હતી. તેનું માનવું છે કે નકારાત્મકતા ફક્ત મેડિટેશનથી જ ઘટાડી શકાય છે.'ટ્રોલ થવા પર મને કોઈ ફરક નથી પડતો' વાતચીત દરમિયાન સારા અલી ખાનને પૂછવામાં આવ્યું કે- તે સોશિયલ મીડિયા પર થતા ટ્રોલને કેવી રીતે જુએ છે અને તે તેનો સામનો કેવી રીતે કરે છે?


ટ્રોલ થવા બાબતે સારાએ કહ્યું- મને મારા ધર્મ વિશે પણ ટ્રોલ કરવામાં આવે છે, લોકો કહે છે કે તમે મુસ્લિમ છો અને હિન્દુ મંદિરોમાં જાઓ છો. પણ હવે આ બધું મારા માટે મહત્ત્વનું રહ્યું નથી. આ બધાનો સમાનો કરવામાં મેડિટેશન મને સૌથી વધુ મદદ કરે છે. મેડિટેશન દ્વારા મને



ખબર પડે છે કે શું વાસ્તવિક છે અને શું નહી. ટ્રોલ થવાની બાબત મારા માટે ક્યારેય સમસ્યા જ નહોતી, સમસ્યા એ હતી કે હું વિચારતી હતી કે હું શ્રેષ્ઠ છું. હવે, મેં તેના વિશે પણ વિચારવાનું બંધ કરી દીધું છે.જીવન લાંબુ છે, ઘણું કરવાનું છે સારાએ આગળ કહ્યું, હું હજુ પણ એક એક્ટ્રેસ તરીકે ટોચ પર નથી. કેટલાક લોકોને કેટલાક કલાકારો ગમે છે, અને કેટલાકને નહી. એક અભિનેતા તરીકે મારે હજુ ઘણી લાંબી સફર કાપવાની છે. હજુ લાંબુ જીવન બાકી છે, હજુ ઘણું કરવાનું બાકી છે.

સારાએ ૨૦૧૮માં ડેબ્યૂ કર્યું હતું સારા અલી ખાને ૨૦૧૮માં ફિલ્મ 'કેદારનાથ'થી પોતાના કરિયરની શરૂઆત કરી હતી. સારા તાજેતરમાં જ ફિલ્મ 'સ્કાય ફોર્સ'માં જોવા મળી હતી. તેની સાથે અક્ષય કુમાર, વીર પહાડિયા અને નિમરત કૌર પણ મુખ્ય ભૂમિકામાં હતા. સારા ટૂંક સમયમાં અનુરાગ બાસુની રોમેન્ટિક ડ્રામા ફિલ્મ 'મેટ્રો ધીસ ડેઝ'માં જોવા મળશે. આ ફિલ્મ 'લાઈફ ઈન અ મેટ્રો' (૨૦૦૭) ની સિક્વલ છે. આદિત્ય રોય કપૂર, અનુપમ ખેર, નીના ગુપ્તા, પંકજ ત્રિપાઠી, કોંકણા સેન શર્મા, અલી ફઝલ અને ફાતિમા સના શેખ જેવા કલાકારો પણ તેમાં જોવા મળશે. આ ફિલ્મ ૪ જુલાઈના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે.

## જલિયાવાલા બાગ હત્યાકાંડ પર આધારિત અક્ષય કુમારની નવી ફિલ્મ, કેસરી ચેપ્ટર ૨ નું ટ્રેલર રિલીઝ




અક્ષય કુમારની ફિલ્મ 'કેસરી ચેપ્ટર ૨' ના ટીઝર રિલીઝ પછી હવે ફાઈનલી ટ્રેલર પણ આજે એટલે ૩ એપ્રિલ, ૨૦૨૫એ મેકર્ઝએ રિલીઝ કરી દીધું છે. આ ફિલ્મમાં અક્ષય કુમારની સાથે અભિનેતા આર માધવન અને એક્ટ્રેસ અનન્યા પાંડે પણ લીડ રોલમાં જોવા મળશે. આ ફિલ્મ સત્ય ઘટના પર આધારિત છે. જેમાં ૧૯૧૯ માં થયેલા ક્રૂર જલિયાવાલા બાગ હત્યાકાંડના વિષે દેખાડવામાં આવ્યું છે. ફિલ્મમાં સ્ટાર્સ વકીલનું કેરેક્ટર પ્લે કરતા દેખાઈ રહ્યા છે. 'કેસરી ચેપ્ટર ૨' ના ટ્રેલરમાં જલિયાવાલા બાગ હત્યાકાંડનું સત્ય દેખાડવામાં આવ્યું છે. ટ્રેલરની શરુઆતમાં અક્ષય કુમાર કોર્ટ રૂમમાં ઉભા થઈને બ્રિટીશ અધિકારી જનરલ ડાયરને સવાલ પુછતાં દેખાઈ રહ્યા છે. ફિલ્મમાં અક્ષય વકીલ સી.એન.નાયરનું કેરેકટર પ્લે કરતા દેખાઈ રહ્યા છે. અક્ષય પૂછે છે કે, 'ભીડને હટાવવા માટે વૉર્નિંગ તમે કઈ રીતે આપી હતી, શું તમે ટીયર ગેસ ફેક્યો હતો કે હવામાં ગોળીયો ચલાવી હતી?' આ વાતના જવાબમાં ડાયર ના પાડે છે. ત્યારબાદ અક્ષયે કહ્યું, 'તો શું તમે કોઈ પણ વૉર્નિંગ વગર ભીડપર ગોળીયો ચલાવી હતી.' આના જવાબમાં ડાયરે કહ્યું કે, 'એ ભીડ થોડી હતી એ તો ટેરરિસ્ટ હતા.' ત્યાં જ આર માધવન ઓપોઝીશનના વકીલના રૂપમાં દેખાઈ રહ્યા છે અને અનન્યા એવી મહિલાઓમાંથી છે જેણે તે વખતે લો ભણતી હોય. આ ટ્રેલરમાં એ હત્યાકાંડનું ભયાનક રૂપ જોવા મળી રહ્યું છે, જેને જોઈને દરેક માણસ ધ્રુજી ઉઠશે. હવે જોવાનું એ રહેશે કે અક્ષય કેસ જીતશે કે નહિ એ તો ફિલ્મ રિલીઝ થશે પછી જ ખબર પડશે.

જયારથી 'કેસરી ચેપ્ટર ૨' નું ટ્રેલર રિલીઝ થયું છે ત્યારથી જ લોકોને ખુબ પસંદ આવી રહ્યું છે. સોશિયલ મીડિયા પર ટ્રેલરને સારો રિસ્પોન્સ મળી રહ્યો છે. હવે પ્રશ્નએ થાય છે કે જેટલું ટ્રેલરે લોકોને ઈમ્પ્રેસ કર્યા છે, શું એટલું જ ઈમ્પ્રેસ ફિલ્મ કરી શકશે, શું અક્ષય આ ફિલ્મથી પોતાની ઉપર લાગેલો ફ્લોપનો ટેગ હટાવી શકશે?

અક્ષય કુમારની 'કેસરી ચેપ્ટર ૧' ૨૦૧૯માં રિલીઝ થઇ હતી. આ ફિલ્મમાં અક્ષય કુમારે હવલદાર ઈશર સિંહનું કેરેક્ટર પ્લે કર્યું હતુ, જેમાં સારાગઢના યુદ્ધને દેખાડવામાં આવ્યું હતું. ફિલ્મની સ્ટોરીમાં જોવા મળી રહ્યું છે કે કઈ રીતે ૨૧ શીખોએ પોતાના જીવને જોખમમાં મુક્યો હતો. હવે કેસરી ૨ માં આનાથી અલગ એક સ્ટોરી જોવા મળશે, જેને જોઈને બીક લાગી જશે.

# સિંકદર અંગે બોલિવૂડના મૌનથી સલમાન દુ:ખી, કહ્યું - મને પણ સપોર્ટની જરૂર પડે...

સલમાન ખાનની ફિલ્મ 'સિકંદર' સતત ચર્ચામાં છે. આ ફિલ્મમાં ભાઈજાનને એક વખત ફરી રાઉડી અવતારમાં જોવામાં આવ્યા છે. ચાહકો અને દર્શક આ વિશે સતત વાત કરી રહ્યાં છે. આ દરમિયાન સલમાન ખાનનો એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. તેમાં તેને પૂછવામાં આવી રહ્યું છે કે જ્યારે પણ બીજાની કોઈ ફિલ્મ આવે છે તો તમે તેનો પ્રચાર કરો છો. ફિલ્મને સપોર્ટ કરો છો. આવું તમારી ફિલ્મો માટે કેમ થતું નથી?સલમાને આ વિશે જવાબ આપ્યો કે તે



લોકોને એવું લાગતું હશે કે મને જરૂર પડતી નથી પરંતુ સૌને જરૂર પડે છે. આ વાત કહેતાં વીડિયોમાં સલમાન ખાનનો ચહેરો ઉતરેલો નજર આવી રહ્યો છે. ચાહકો પણ સુપરસ્ટાર સાથે સહાનુભૂતિ વ્યક્ત કરી રહ્યાં છે. એક યુઝરે કમેન્ટ કરી, 'ભારતીય સિનેમાના સૌથી ખોટાં સમજવામાં આવેલા માણસ.' બીજા યુઝરે લખ્યું, 'યાર આ માણસ દિલનો સાફ છે. સૌ માટે વિચારે છે પરંતુ કોઈ આના માટે વિચારતું નથી. એક અન્ય યુઝરે લખ્યું, 'તમારે કોઈની જરૂર નથી. તમારા માટે અમે ચાહકો પૂરતાં છીએ.'

ફિલ્મ સિકંદરને સલમાન ખાનની અત્યાર સુધીની સૌથી નબળી ફિલ્મ ગણાવાઈ રહી છે. હંમેશા તેનો સાથ આપનાર ચાહકોને પણ તેની આ ફિલ્મ પસંદ આવી નથી. સિનેમા લવર્સ અને સલમાન ખાના ચાહકોનું કહેવું છે કે સલમાને સારા પ્રોડક્શન હાઉસ અને ડાયરેક્ટરની જરૂર છે, જે તેના જાદુને બીજી વખત પાછો લાવી શકે.

## સલમાનની સિકંદર ફલોપ જતાં ભાવિ પ્રોજેક્ટસ પર ગ્રહણ



મુંબઈ: સલમાનની 'સિકંદર' બોક્સ ઓફિસ પર ફલોપ જતાં તેની કેરિયર પર પ્રશ્નાર્થ છવાયો છે. ટ્રેડ વર્તુળોના જણાવ્યા અનુસાર સલમાનની નવી ફિલ્મોને હવે ફાઈનાન્સ મળવું મુશ્કેલ થઈ જશે. સલમાનની ફિલ્મ ઈદ વખતે રીલિઝ થાય એટલે સુપરહિટ જ હોય તેવું સમીકરણ અત્યાર સુધી મનાતું હતું. પરંતુ, 'સિકંદર'માં તો શો કેન્સલ કરવાની નોબત આવી છે. આ નિષ્ફળતાને કારણે સલમાન માટે હવે ફરી બેઠા થવાનું મુશ્કેલ બની ગયું છે. સલમાન સાથેની દિગ્દર્શક એટલીની એક ફિલ્મ તો અગાઉ જ બજેટના મુદ્દે કોરાણે મૂકાઈ ગઈ છે. તેલુગુના અન્ય એક દિગ્દર્શક હરીશ શંકર સાથે એક બિગ બજેટ ફિલ્મની વાત ચાલતી હતી તે પણ હવે ઠંડી પડી ગઈ છે. 'સિકંદર'માં સલમાનના ચાહકોએ પણ નોંધ્યું છે તે બહુ થાકેલો લાગે છે. તેનામાં પહેલાં જેવી ઊર્જા જણાતી નથી. તે પરાણે એક્ટિંગ કરતો હોય કે ડાયલોગ બોલતો હોય તેવું લાગે છે. તેનું આ પરફોર્મન્સ જોતાં બહારના ડાયરેક્ટરો તેને કાસ્ટ કરતાં પહેલાં બે વાર વિચારશે તેમ ટ્રેડના વર્તુળોએ કહ્યું હતું.

# બજારમાં કેસર કેરીની આવક શરૂ, ગ્લોબલ વોર્મિંગના લીધે કેરીના ઉત્પાદનમાં ઘટાડો



જૂનાગઢ યાર્ડમાં ગીરની કેસર કેરીની આવકના શ્રી ગણેશ થઈ ગયો છે. સિઝનમાં પ્રથમવાર ગીર પંથકમાંથી કેરીના ૨૦૦થી વધુ વધુ બોક્સ આવ્યા હતા અને દસ કિલોના બોક્સના ૧૨૦૦થી ૧૮૦૦ રૂપિયા લેખે વેંચાણ થયું હતું. જૂનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લામાં કેસર કેરીનું મોટા પ્રમાણમાં ઉત્પાદન થાય છે. આ વખતે આંબામાં મથીયો રોગે દેખા દેના સામૂન્ય કરતા કેરી થોડી મોડી આવે એવી શક્યતા સેવાઈ રહી હતી પરંતુ અમુક આગોતરા આંબાઓ પર કેરી આવવા લાગી છે. આ ઉપરાંત ગ્લોબલ વોર્મિંગને કારણે કેરીના પાકને ભારે નુકસાની થયું છે.માર્કેટિંગ યાર્ડના વેપારી સૂત્રોના જણાવ્યા મુજબ આ વર્ષે કેસર કેરીનું સમયસર જ આગમન થયું છે. જો કે, નિયમીત કેરીની આવક થતા હજુ બે સપ્તાહ થાય તેવી શક્યતા છે. જેમ જેમ ગરમી વધશે તેમ તેમ આગામી દિવસોમાં કેસર કેરીની આવક વધશે તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.નિષ્ણાતોનું માનવું છે કે, ગ્લોબલ વોર્મિંગને કારણે કેરીના પાકને ભારે નુકસાની થયું છે, જેમાં કેસર કેરીની આવક ગત વર્ષ કરતાં આ વર્ષે ઓછી રહેશે તેવી શક્યતા છે. છેલ્લા ૮-૧૦ વર્ષથી ગ્લોબલ વોર્મિંગની જે નકારાત્મક અસર થઈ રહી છે તેમાં સૌથી વધારે ગીરની કેસર કેરીના ઉત્પાદનમાં પણ જોવા મળી રહી છે. દર વર્ષે કેરીના ઉત્પાદનમાં થતો ઘટાડો તેમજ વારંવાર મોર ફૂટવા, કમોસમી વરસાદ અને રોગ જીવાતની વિપરીત પરિસ્થિતિમાં ખેડૂતોને દર વર્ષે લાખો રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે.

ઊના પંથકમાં પ્રતિકુળ હવામાનને લીધે મોરનું ફ્લાવરિંગ બળી જતાં કેરીના પાકને વ્યાપક નુકસાન થયું છે. આ અંગે ખેડૂતો દ્વારા પ્રાંત અધિકારીને આવેદન આપી સર્વે કરી વળતર મળે તેવી માંગ કરી છે. ગરાળ, મોઠા, સંજવાપુર, સામતેર, કાણકબરડા, ઉટવાળા, પસવાળા, સનખડા, ગાંગડા, અંજાર, ખત્રીવાડા, પાતાપુર, આમોદ્રા, ઉમેદ સહિતના ઊના પંથકના ગામોના ખેડૂતો બાગાયત ખેતી પર નિર્ભર છે. કેરીના બગીચાઓમાં પ્રારંભીક તબક્કે આંબાના વૃક્ષો પર પુષ્કળ પ્રમાણમાં મોર ફુટી નીકળ્યા હતા. પરંતુ ત્યારબાદ ખરાબ વાતાવરણને લીધે મોરનું ફલાવરીંગ બળી જતા કેરીનું બંધારણ બને તે પહેલા જ ખરી જતા વ્યાપક નુકસાની થઈ હોવાનું ખેડૂતો કહી રહ્યા છે.

# પાટણમાં ગરમીનો પ્રકોપ વધશે:૭૨ કલાક બાદ તાપમાન ૪૦ ડિગ્રીથી ઉપર જવાની શક્યતા



પાટણ જિલ્લામાં ગરમીનું પ્રમાણ દિવસે-દિવસે વધી રહ્યું છે. છેલ્લા ૨૪ કલાકથી તાપમાન ૪૦ ડિગ્રી પર સ્થિર છે. બપોરના સમયે જાહેર માર્ગો પર લૂ વરસતી હોય તેવી ગરમી અનુભવાય છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી ૭૨ કલાક બાદ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો થઈ શકે છે. આ સાથે હિટવેવની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

આકરી ગરમીના કારણે શહેરના બજારો સૂમસામ જોવા મળે છે. લોકો બપોરના સમયે ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. ગરમીથી બચવા માટે પુરુષો માથે ટોપી અને રૂમાલ તથા મહિલાઓ દુપટ્ટાનો ઉપયોગ કરી રહ્યા છે. હવામાન વિભાગના સૂત્રોએ જણાવ્યું કે, આગામી દિવસોમાં તાપમાન વધવાની શક્યતા છે. શહેરીજનો સવારથી જ ગરમીથી પરેશાન થઈ રહ્યા છે. આ પરિસ્થિતિમાં લોકોને બપોરના સમયે બહાર નીકળવાનું ટાળવાની સલાહ આપવામાં આવી રહી છે.

# જામનગરના બેડીમાં તંત્રનું મેગા ડિમોલિશન : સાયચા બંધુઓના ગેરકાયદેસર બાંધકામો પર દાદાનું બુલડોઝર ફર્યું

જામનગરના બેડી વિસ્તારમાં ગુંડા તત્વોની શાન ઠેકાણે લાવવા માટે આજે તંત્ર દ્વારા મોટા પાયે ફરીથી ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અનેક ગુનાઓમાં સંડોવાયેલા સાયચા બંધુઓના ગેરકાયદેસર રીતે ખડકાયેલા બંગલાઓ પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું હતું. બેડીમાં ફરી એકવાર સાયચા બંધુઓના મકાનો સહિતના દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. જામનગર જિલ્લાના વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા તાબડતોબ ડિમોલેશન કરીને આ વિસ્તારના માથાભારે તત્વોના દબાણને ઉખેડી ફેંકવામાં આવ્યા હતા.આ ડિમોલિશનની કાર્યવાહી દરમિયાન જામનગરના જિલ્લા કલેકટર કેતન ઠક્કર ખુદ ઉપસ્થિત રહ્યા હતા, ઉપરાંત જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ, નાયબ પોલીસ અધિક્ષક જે.એન.ઝાલા અને શહેરના દરેક ડિવિઝનના પી.આઇ. સહિત મોટી સંખ્યામાં પોલીસ કાફલો ઘટનાસ્થળે હાજર રહ્યો હતો. આ ઉપરાંત કલેક્ટર વિભગનું તંત્ર પણ ખડેપગે આ કાર્યવાહીમાં જોડાયું હતું.પ્રાપ્ત માહિતી અનુસાર, બેડીમાં સાયચા બંધુઓ દ્વારા ગેરકાયદેસર રીતે ઊભા કરવામાં આવેલા રહેણાંકના બાંધકામોને તોડી પાડવામાં આવી રહ્યા છે. આ કાર્યવાહીમાં જે મકાનો પર બુલડોઝર ફેરવવામાં આવ્યું છે, તેમાં મુખ્યત્વે નુરમામદ હાજી સાઈચાનું સર્વે નંબર ૬૨ વાળું ૨૭૯ ચોરસ મીટરનું રહેણાંક મકાન, જેની અંદાજિત કિંમત ૨૧,૩૭,૬૦૦ રૂપિયા છે. આ ઉપરાંત નુરમામદ હાજી સાઈચાનું અન્ય એક મકાન સર્વે નંબર ૪૦/૧-૨૯-૫૦ વાળું ૧૬૭ ચોરસ મીટરનું રહેણાંક મકાન, જેની કિંમત ૧૨,૮૦૦ રૂપિયા દર્શાવવામાં આવી છે. તેમજ ઈસ્માઈલ ઈબ્રાહીમ મોવરનું સર્વે નંબર ૪૦/પૈકી વાળું ૬૫ ચોરસ મીટરનું રહેણાંક મકાન જેની કિંમત ૮,૩૨,૦૦૦ રૂપિયા છે. હાજી હુશેન સાઈચાનું સર્વે નંબર ૪૦/ડી વાળું ૬૫ ચોરસ મીટરનું રહેણાંક મકાન જેની કિંમત પણ ૮,૩૨,૦૦૦ રૂપિયા છે.

# HIV પોઝિટિવ હોવાનું સમાજમાં જાહેર કરી બદનામ કરવાની પત્નીની ધમકીથી કંટાળેલા વેપારીનો આપઘાતનો પ્રયાસ

એચઆઈવી ગ્રસ્ત ૫૮ વર્ષના વેપારીએ પોલીસ ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે મારા પહેલા લગ્ન આજવા રોડની એક મહિલા સાથે વર્ષ ૧૯૮૮ માં થયા હતા. ૨૫ વર્ષ પછી અમારે નાની-નાની વાતોમાં ઝઘડા થતા હોવાથી મનમેળ રહેતું ન હતું અને વર્ષ ૨૦૧૮માં મેં મારી પહેલી પત્ની સાથે છૂટાછડા લઈ અલગ રહેવા લાગ્યો હતો. થોડા સમય પછી મેં અને મારી પ્રથમ પત્નીએ બીજી વખત લગ્ન કરી લીધા હતા, પરંતુ ફરીથી અમારા વચ્ચે મન મળે નહીં થતા છૂટાછેડા લઈ લીધા હતા.મેં ઓગસ્ટ ૨૦૧૯ માં અન્ય મહિલા સાથે લગ્ન કર્યા હતા અને અમે પતિ પત્ની તરીકે રહેતા હતા. મારી બીજી પત્નીને મેં મારી એચઆઈવી પોઝિટિવ હોવાની વિગત જણાવી ન હતી. મારી બીમારીની જાણ થયા પછી મેં મારી મિલકતો મારી પ્રથમ પત્ની અને છોકરાઓના નામે કરી દીધી હતી. ત્યારબાદ મેં બીજા



લગ્ન કર્યા હતા અને મારી બીજી પત્ની સાથે ફેક્ટરી શરૂ કરી હતી. મારી પહેલી પત્ની અને સંતાનો ફેક્ટરી આવીને ગાળો બોલી એચઆઈવી પોઝિટિવ બીમારી સમાજમાં જાહેર કરી બદનામ કરવાની ધમકી આપતા હતા. મેં મારી પ્રથમ પત્નીને રૂ.૧૮,૦૦,૦૦૦ આપ્યા હતા તેમ છતાં મારી પાસે વધુ રૂપિયાની માંગણી કરી હેરાન કરતા હતા. તેઓને ધમકીથી કંટાળી જઈને મેં ૨૦ મી તારીખે પોલીસ ભવન ખાતે ફીનાઇલ પીવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ ત્યાં હાજર પોલીસે અમને રોકી લીધા હતા.

# વડોદરાના વાસણા રોડ ફાયર બ્રિગેડ પાસે બાઈક પર ગાંજાનું વેચાણ, બે કેરિયર પકડાયા

વડોદરાના વાસણા રોડ વિસ્તારમાં ખુલ્લામાં બે યુવકો બાઇક પર બેસીને ગાંજો વેચતા હોવાની વિગતોને પગલે પોલીસે દરોડો પાડી બે કેરિયરને ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડયા હતા. જ્યારે, ગાંજાના સપ્લાયર ફૈઝલ ઉર્ફે માંજરો (રોશન ફલેટ,વાસણા રોડ)ને વોન્ટેડ જાહેર કર્યો છે.



ફાયર બ્રિગેડની દિવાલ પાસે બાઈક પાર્ક કરીને થેલીમાં ગાંજાનું વેચાણ થતું હોવાની માહિતી બાદ એસ.ઓ.જીની ટીમે કોર્ડન કરીને બાઈક તેમજ સ્કૂટર પર બેઠેલા બે જણાને ઝડપી પાડયા હતા. પોલીસની પૂછપરછમાં એકનું નામ વિજય બોઘાભાઈ મારુ (રાધિકા સોસાયટી, વાસણા રોડ મૂળ રહે.ભાવનગર)અને આકાશ મહેશભાઈ માછી (ગાયત્રી નગર, વારસિયા મૂળ માલસર શિનોર) ખુલ્યું હતું. બંને પાસેથી દોઢ હજારની કિંમતનો ૧૫૮ ગ્રામ ગાંજો તેમજ પ્લાસ્ટિકની થેલીઓ મળી આવી હતી. પોલીસે બંને ટુ-વ્હીલર તેમજ મોબાઇલ અને રોકડ રકમ મળી કુલ રૂ ૧.૧૪ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## જાહેર નોટીસ

### સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ લીમખેડાની કોર્ટમાં

અરજદાર તરફે વિ.વ.શ્રી કેસ નં.૮૫/૨૦૨૫, તા.૧૨/૦૨/૨૦૨૫

અરજદાર:--હઠીલા વિપુલભાઈ વાઘલાભાઈ
રહે.પીપોદરા,તા.ધાનપુર,જી.દાહોદ
વિરુધ્ધ
સામાવાળા:- તલાટી કમ મંત્રીશ્રી પીપોદરા,તા.ધાનપુર, જી.દાહોદ
જન્મ મરણ અધિનિયમની કલમ: ૧૩(૩) મુજબની મરણની નોંધણી કરવા બાબત

આથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદાર હઠીલા વિપુલભાઈ વાઘલાભાઈના તેમના પિતા નામે હઠીલા વાઘલાભાઈ કમજીભાઈ નું મરણ તા.૧૦/૦૫/૨૦૦૭ના રોજ પીપોદરા, તા.ધાનપુર, જી.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પિતામરણ થયેલ ત્યારે મરણની નોંધણી તલાટી ક્રમ મંત્રીશ્રી પીપોદરા, તા ધાનપુર, જી.દાહોદના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદર હું અરજદારને તેમના પિતાના દાખલાની જરૂરીયાત હોઈ અરજદારે જન્મ-મરણ અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦(ત્રીસ) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

આજ તારીખ ૦૫મી માહે.માર્ચ સન.૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી/-
સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ
લીમખેડા

# ચાણોદમાં સાધ્વીજીની કઠોર શિવ આરાધના, ૪૫ દિવસ સુધી રોજ ૨૦ કલાક નર્મદા જળમાં પદ્માસન

દક્ષિણ પ્રયાગ તીર્થ તરીકે ઓળખાતા ડભોઇ તાલુકામાં નર્મદા કિનારે આવેલા ચાણોદનાં ચક્રતીર્થ ઘાટ પાસે એક સાધ્વીજીએ કઠોર તપસ્યાનો પ્રારંભ કર્યો છે. ગુરૂ શ્રી વિશ્વંભરીજી મહારાજના શિષ્યા શિવ આરાધક મા દુર્ગા ગિરીજીએ ૪૫ દિવસના અનુાનનો આરંભ કર્યો છે. આ અનુષ્ઠાન કઠોર એટલા માટે છે કે ૪૫ દિવસ સુધી અન્ન-જળનો ત્યાગ કરી રોજ ૨૦ કલાક નર્મદા નદીમાં પદ્માસન લગાવીને શિવ આરાધના કરી રહ્યા છે.તા. ૨૮ માર્ચ ફાગણ વદ ચૌદસથી સાધ્વીજીએ અનુષ્ઠાનનો પ્રારંભ કર્યો છે. તા.૧૩ મે સુધી અનુષ્ઠાન ચાલશે. આ જળ અનુષ્ઠાન છે. નર્મદા જળમાં તેઓ પદ્માસન લગાવીને એ રીતે બેસે છે કે પાણી ગળા સુધી આવે. નદીમાં મગરો હોવાથી માતાજીની આસપાસ લોખંડની જાળી લગાવવામાં આવી છે. તેઓ ૪૫ દિવસ મૌન ધારણ કરશે. રોજ આશરે ૧૮ થી ૨૦ કલાક તેઓ જળમા રહે છે. માત્ર ૪ કલાક તેઓ પાણીમાંથી બહાર આવે છે.

દુર્ગા ગિરિજી માતાજીના અનુયાયી નિર્મલસિંહ વાળાએ એક આશ્ચર્યજનક માહિતી આપી હતી કે માતાજીની ઉંમર ૧૦ વર્ષની હતી ત્યારથી તેઓ અનુષ્ઠાન કરી રહ્યા છે. હાલ તેઓની ઉંમર આશરે ૪૫-૪૬ વર્ષ હશે. તેઓનો મોટાભાગનો સમય અનુષ્ટાનમાં ગયો છે પરંતુ જ્યારે તેઓ અનુષ્ઠાનમાં નહોય ત્યારે તેઓ ૨૪ કલાકમાં એક જ વખત ભોજન કરતા હતા અને ભોજનમાં એક કિલો તિખા મરચા આરોગતા હતા. ૧૫ વર્ષ સુધી તેઓએ ભોજનમાં માત્ર મરચા આરોગ્યા હતા. જે બાદ તેમના ગુરૂના આદેશ બાદ સાદું ભોજન શરૂ કર્યુ હતું.

# રામનવમી નિમિત્તે દ્વારકામાં સમયમાં ફેરફાર કરાયો

આકાશ વિઠ્ઠલાણી - (૧) શ્રીજીની "મંગલા આરતી" સવારે ૬:૩૦ કલાકે
સવારે ૦૮:૦૦ થી ૦૯:૦૦ કલાકે મંદિર (બંધ) અનોસર
શ્રૃંગાર દર્શન સવારે ૦૯:૦૦ થી ૧૦:૩૦ કલાકે
(૨) "શ્રુંગાર આરતી" સવારે ૧૦:૦૦ કલાકે
સવારે ૧૦:૩૦ થી ૧૨:૦૦ સુધી કલાક સુધી દર્શન બંધ
(૩) "ઉત્સવ આરતી" બપોરે ૧૨:૦૦ કલાકે
ઉત્સવ દર્શન બપોરે ૧૨:૦૦ થી ૦૧:૩૦ સુધી
બપોરે ૦૧:૩૦ કલાકે મંદિર(બંધ)અનોસર
બપોરે ૦૧ : ૩૦ થી સાંજે ૦૫:૦૦(મંદિર બંધ)
અખંડ ભારત

# ભરૂચમાં માનવઅંગો મળવાની ઘટનામાં મોટો ઘટસ્ફોટ, હત્યારાની પત્નીના આપત્તિજનક ફોટો સચિનના મોબાઈલમાં હતા

ભરૂચ જીઆઈડીસી વિસ્તારમાં કોલેજ રોડ ઉપરથી ગટરમાંથી મળેલા માનવ અંગોનો ભેદ ભરૂચ પોલીસે ઉકેલી નાખ્યો હતો. જેમાં મૂળ ઉત્તર પ્રદેશના અને ભરૂચમાં રહેતા સચિન ચૌહાણની તેના મિત્ર શૈલેન્દ્ર ચૌહાણે જ હત્યા કરીને લાશના ૯ ટૂકડા કર્યા બાત અંગોને ગટરમાં ફેંકી દીધા હોવાનો ઘટસ્ફોટ થયો હતો. આ કેસમાં પોલીસે શૈલેન્દ્ર ચૌહાણની ધરપકડ કરી છે.

શૈલેન્દ્રસિંગ વિજય ચૌહાણની કડક, પૂછપરછ કરતા માહિતી બહાર આવી કે સચિન ચૌહાણ અને હત્યારો શૈલેન્દ્ર ચૌહાણ બન્ને ઉત્તર પ્રદેશમાં એક જ ગામના વતની છે. બન્નેમાં મિત્રતા હતી અને શૈલેન્દ્રની પત્ની પણ તે વિસ્તારની જ છે. સચિનના મોબાઈલમાં શૈલેન્દ્રની પત્નીના કેટલાક આપત્તિજનક ફોટો હતા. સચિન વારંવાર તે ફોટો બતાવીને શૈલેન્દ્રને બ્લેકમેલ કરતો હતો, એટલે શૈલેન્દ્રને સચિન ઉપર ઘણાં સમયથી ગુસ્સો હતો. આ દરમિયાન સચિન તેની પત્ની અને પુત્રાને મુકીને ઉત્તર પ્રદેશથી ભરૂચ પરત આવ્યો, ત્યારે મોકો જોઈને શૈલેન્દ્રએ સચિનને પોતાના ઘરે જમવા બોલાવ્યો હતો.

જમીને બન્ને ઊંઘી ગયા હતા. રાત્રે શૈલેન્દ્રએ સચિનનો મોબાઈલ લઈ લીધો હતો અને તેમાથી પત્નીના આપતીજનક ફોટો ડીલિટ કરવા જતો હતો. ત્યારે જ સચિનની ઊંઘ ઉડી ગઈ અને બન્ને વચ્ચે બોલાચાલી બાદ ઝપાઝપી થઈ હતી. ઉશ્કેરાયેલ શૈલેન્દ્ર રસોડામાંથી ચાકુ લઈ આવ્યો અને સચિનના ગળાના ભાગે મારી દીધુ. સચિન તે સાથે જ ઢળી પડયો. સચિન ચૌહાણની હત્યા બાદ મૃતદેહને એક દિવસ ઘરમાં જ રાખ્યો હતો. બીજા દિવસે શૈલેન્દ્ર નોકરી પર પણ ગયો હતો અને ત્યાંથી પરત આવતા તે લાકડા કાપવાની કરવત લાવ્યો હતો. આ કરવતથી સચિનની મૃતદેહના ૯ ટુકડા કરી પ્લાસ્ટિક બેગમાં અલગ-અલગ પેક કરીને ગટરમાં ફેંકી દીધા હતા. કોઈને શંકા ન જાય તે માટે શૈલેન્દ્ર રાત્રે સ્ત્રીનો વેશ ધારણ કરીને એક્ટિવા ઉપર મૃતદેહના ટૂકડા લઈને નીકળતો હતો.

# શાહપુરમાં પાણીની ચકલી પરથી પાણી ભરતી મહિલાનું જાતિવાચક અપમાન, એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો દાખલ




ગાંધીનગરના શાહપુર ગામમાં મહિલા સાથે છૂતઅછૂતનો કિસ્સો સામે આવ્યો છે. ૫૫ વર્ષીય મહિલા જ્યારે પોતાના ઘર નજીક આવેલી પાણીની ચકલી પરથી પાણીની બોટલ ભરી રહ્યા હતા, ત્યારે સ્થાનિક રહેવાસી મોહનભાઈ ઠાકોરે તેમને રોક્યા હતા. મોહનભાઈએ મહિલાને જાતિવાચક શબ્દોથી અપમાનિત કર્યા અને કહ્યું કે તેઓ ક્ષત્રિય ઠાકોર છે અને તમારે નીચી જાતીનાઓ ત્યાંથી પાણી ન ભરવું જોઈએ. તેમણે ધમકી આપી કે તેઓ પોતાના માણસોને બોલાવીને તેમને ઘર ખાલી કરાવી દેશે. આ દરમિયાન તેમણે મહિલાને ધક્કો પણ માર્યો હતો.ઘટના સમયે મહિલાનો ભાણેજ ઘરે હાજર હતો, જે તેમને ઘરે લઈ ગયો. ત્યારબાદ મહિલાએ પોતાના દીકરાઓને જાણ કરી અને ડભોડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. આ ઘટના ડિજિટલ ઈન્ડિયાના યુગમાં પણ સમાજમાં વ્યાપ્ત જાતિવાદી માનસિકતાને ઉજાગર કરે છે.


# જોષીપરામાં રામનવમી નિમિત્તે શોભાયાત્રા યોજાશે



કિશન બહેચા - મર્યાદા પુરુષોત્તમ પ્રભુ શ્રી રામચંદ્ર ભગવાનના જન્મોત્સવ "રામનવમી" નિમિતે, શ્રી હિન્દુ એકતા સમિતિ, વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના સંયુક્ત ઉપક્રમે જોષીપરામાં ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.આ શોભાયાત્રા સવારે ૮:૦૦ વાગ્યે સરદારપરા સુર્ય મંદિરથી પ્રસ્થાન કરી, વડલી ચોક, નવાપરા, કૈલાસનગર, મુરલીધર, નંદનવન મેઈન રોડ, ખાખરાવાળી ખોડિયાર મંદિર, આદિત્યેશ્વર મહાદેવ મંદિર, સર્વોદય સોસાયટી, હંસરાજવાડી, ઠાકરશીનગર, ગંગોત્રીનગર, એકતાનગર, રાજનગર, શાંતેશ્વર મંદિર, જોષીપરા માર્કેટ, શિવનગર, રાધાનગર, હરીધાર સોસાયટી અને પોસ્ટલ સોસાયટી જેવા વિસ્તારોમાં વિહાર કરશે.શોભાયાત્રા દરમિયાન શહેરમાં અંદાજે ૩૦ સ્થળોએ છાશ, ઠંડા પીણા, લાઈવ જુસ તથા શેરડીના રસના સ્ટોલ નગરજનો દ્વારા મૂકવામાં આવશે. બપોરે ૧૨:૦૦ વાગ્યે સુર્ય મંદિર ખાતે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં પૂ. ૧૦૦૮ મહામંડલેશ્વર જગજીવનદાસ બાપુ, અનેક સંત-મહંતો તેમજ શહેરના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.શ્રી હિન્દુ એકતા સમિતિએ જોષીપરા નગરજનોને આ ભવ્ય શોભાયાત્રામાં ઉમંગ અને ભક્તિભાવથી જોડાવા માટે સ્નેહભર્યું આમંત્રણ આપ્યું છે.-અખંડ ભારત

# પંચદેવની નિંદા કરનાર સનાતની નથી-મોરારી બાપુ

ગુજરાતના લોકપ્રિય કથાકાર મોરારી બાપુએ વધુ એક વખત સનાતનની ટીકા કરનારાને આડે હાથ લીધા છે. દેશ અને વિદેશમાં કથાકાર મોરારી બાપુની રામકથાને લઈને આયોજન કરવામાં આવતા હોય છે. હાલમાં આર્જેન્ટીનામાં રામકથા કરતી વખતે ફરી એક વખત મોરારી બાપુએ સનાતન ધર્મની નિંદા કરનારા સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો પર પ્રહાર કર્યા છે. રામકથા કરતી વખતે તેમણે સ્વામિનારાય સંપ્રદાયના સંતો પર



કટાક્ષ કરતાં કહ્યું કે હવે મારે સનાતન ધર્મ પર કથા કરવી છે.આર્જેન્ટીનામાં રામકથા દરમિયાન મોરારી બાપુએ કહ્યું કે છેલ્લા કેટલાક સમયથી સનાતન ધર્મ પર અનેક પ્રહારો થઇ રહ્યાં છે. સનાતન ધર્મની નિંદા કરનારા સામે હવે કડક વલણ અપનાવવનો સમય આવી ગયો છે. સનાતનને લઈને હું દિલ્હીમાં રજૂઆત કરીશ.ઉપરાંત તેમણે સનાતનમાં વિશ્વાસ રાખતા લોકોને સ્પષ્ટ સૂચન કર્યું કે સનાતન ધર્મના લોકોએ આપણે પાંચ દેવની પૂજા કરવી જોઈએ. સનાતન ધર્મના લોકોએ આ પાંચે દેવની પૂજા અવશ્ય કરવી જોઈએ. જે લોકો આ પાંચ દેવોમાંથી કોઈ એક દેવની પણ નિંદા કરે તે સનાતની નથી. જે તેમને સાથ આપે તે પણ સનાતની નથી.

# વિરમગામ તાલુકાના ટ્રેન્ટ ગામમાં ગૌચર જમીનના દબાણો દુર કરાયા

વિજય પટેલ - અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના ટેન્ટ ગામની ગૌચર જમીનમાં ખડકાયેલ ગેરકાયદેસરના દબાણો દુર કરવા માટે તાજેતરમાં જ ટ્રેન્ટ ગ્રામ પંચાયત દ્વારા આ દબાણો દુર કરવા માટે ગત તા.૧૯-૦૩-૨૦૨૫ના રોજ ઠરાવ કરી ઉચ્ચ અધિકારીઓને મોકલી આપવામાં આવતા આજે તાલુકા વિકાસ અધિકારી,મદદનીશ ટીડીઓ,સર્કલ ઓફિસર સહિત ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે સ્થળ ઉપર દોડી આવી તાત્કાલિક અસરથી ગ્રામ પંચાયતના સર્વે નં.૬૭ ની ૫-૬૯-૬૦ હે,આ,ચો,મી જમીન ઉપરનું ગેરકાયદેસર દબાણ દુર ગૌચરની જગ્યા દબાણકારના ચુંગાલમાંથી છોડાવી ખુલ્લી કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવતા ગેરકાયદેસર દબાણકર્તા દબાણકારોમાં તંત્રની કાર્યવાહીને પગલે ફફડાટ વ્યાપી ગયો હતો.-અખંડ ભારત

# રત્નકલાકારો માટે આર્થિક પેકેજ અને બોર્ડની સ્થાપના કરવા સીએમને રજૂઆત

જયેશ મકવાણા - સમયાંતરે મંદીના ભાર હેઠળ આર્થિક રીતે દબાઈ ગયેલા રત્નકલાકારો માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર ભાઈ પટેલ ને લેખીત રજુઆત કરી ને યોગ્ય જરૂરિયાત મુજબ આર્થિક સહાય આપવામાં આવે તેમજ રત્નકલાકાર બોર્ડની સ્થાપના કરવામાં આવે તેવી માંગણી પણ કરવામાં આવેલ છે. સૌરાષ્ટ્ર કાઠીયાવાડ ના નાના મોટા ગામડાઓમાં રેહતા હજારો પરીવારના ધરના મોભી અથવા તો નવયુવાનો હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા છે એમાં પણ ખાસ



કરીને સૌરાષ્ટ્ર કાઠીયાવાડ ના લાખો રત્નકલાકારો સુરત, અમદાવાદ, ભાવનગર, નવસારી જેવા શહેરોમાં વરસોથી સ્થાયી થયેલા છે અને હીરાઉધોગ ની સાથે સંકળાયેલા છે. લાખો રૂપિયા ના કાચા હીરાને ધાટ આપીને અને ધસાઈ કામ કરીને ચળકાટ આપી રહેલા રત્નકલાકારો નુ જીવન નિર્વાહ ખુબજ કફોડી પરિસ્થિતિ માં થી પસાર થાય છે.આર્થિક સંકડામણ ભોગવી રહેલા રત્નકલાકારો માટે વ્યાજબી માંગણી કરી રહેલ અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી એ ગુજરાત ના મુખ્યમંત્રી ને લેખીત રજુઆત કરી ને આર્થિક પેકેજ જાહેર કરવામાં આવે તેમજ રત્નકલાકાર બોર્ડની સ્થાપના કરવામાં આવે તેવી માંગણી કરી છે. -અખંડ ભારત

# પાલડી પ્રાથમિક શાળામાં વિદાય સમારંભ યોજાયો

હરેશ પંચાલ- ભારત વિકાસ પરિષદ બાયડ શાખા દ્વારા પાલડી પ્રાથમિક શાળામાં ધોરણ ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો. ભારત વિકાસ પરિષદ બાયડ શાખાના પ્રમુખ ડૉ.મિનેષભાઈ ગાંધીની રાહબરી હેઠળ અને પાલડી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક



ધર્મેશ સોનીના સહયોગથી વિદાય લઈ રહેલા ધોરણ ૮ ના તમામ બાળકોને એક્ઝામ પેડ,બોલપેન અને વિદાય પત્ર આપીને શુભેચ્છાઓ પાઠવી હતી. વિદાય લઈ રહેલા બાળકોએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. એસ એમ સી અધ્યક્ષ મહોબતસિંહ ચૌહાણ, પૂર્વ સરપંચ નરસિંહભાઈ ચૌહાણ, શાંતિલાલ પ્રજાપતિએ પાલડી પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા લેવાઈ રહેલી કેળવણી, શૈક્ષણિક અને સહ અભ્યાસિક પ્રવૃત્તિઓની નોંધ લીધી હતી અને શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.ત્યારબાદ ધોરણ ૮ ના બાળકોને બાયડ ગાયત્રી મંદિરમાં દર્શન કરાવીને શ્રી બાલાજી હોટલ બીબીપુરા ખાતે પાકું ભોજન કરાવ્યું હતું. બાયડ એસબીઆઈ બેંક, મામલતદાર કચેરી તથા પ્રાંત કચેરીની મુલાકાત કરાવીને કચેરીના કાર્ય વિશેની માહિતી આપી હતી.સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના મુખ્ય શિક્ષક ધર્મેશ સોની, ઉ શિ સુશીલાબેન પટેલ, જીતેન્દ્રભાઈ ભોઈ, કિરણભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ અને જયેશભાઈ પ્રજાપતિએ કર્યું હતું. -અખંડ ભારત

# તલોદ તાલુકા કિસાન સંઘ દ્વારા મામલતદારને આવેદનપત્ર અપાયું



સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના ભારતીય કિસાન સંઘ સમિતિ દ્વારા તાલુકાના ખેડૂતોના વણ ઉકલ્યા પ્રશ્નો જેવા કે (૧) અત્યારે હાલમાં ઘઉં ની સીઝન પુર જોશમાં ચાલી રહી છે અને સરકાર શ્રી દ્વારા જાહેર કરાયેલા ટેકાના ભાવે ઘઉં નું વેચાણ કરવા રજીસ્ટ્રેશન કરવા માટે ૬૦ વર્ષ થી વધુ ઉંમરના લોકોને અંગૂઠા આવતા નથી આ વૃદ્ધ ખેડૂતોને પડતી તકલીફ(૨) સરકાર દ્વારા જાહેર કરાયેલા ટેકાના ભાવ ઉપરાંત રાજસ્થાન અને મધ્ય પ્રદેશ રાજ્યોની સરકાર દ્વારા ૧૭૫ રૂપિયા બોનસ જાહેર કરવામાં આવ્યું છે તો ગુજરાત રાજ્ય માં પણ બોનસ જાહેર કરવામાં આવે (૩) કેન્દ્ર સરકાર દ્વારા બજેટ રજૂ કર્યું હતું ત્યારે સમગ્ર ભારતમાં દરેક ખેડૂત ખાતેદારોને મદદરૂપ થવા માટે કેસીસી ધિરાણ ૩ લાખ થી વધારીને ૫ લાખ રૂપિયા સુધીની વગર વ્યાજે ધિરાણ આપવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી પરંતુ આજ દિન સુધી તે બાબતે કોઈ પરિપત્ર બહાર પાડયો નથી તો આ બાબતે તાલુકાના કિસાનોની રજૂઆતને સરકાર સુધી પહોચાડી યોગ્ય નિવેડો લાવવામાં આવે તેવી માંગ સાથે તાલુકા કિસાન સંઘન પ્રમુખ કોદરભાઈ પટેલે લેખિતમાં તલોદ મામલતદારને આવેદનપત્ર સુપ્રત કરી ખેડૂતો વતિ માંગ સરકાર અને તંત્ર સમક્ષ દોહરાવીછે.આ પ્રસંગેતલોદ તા.ખ.વે.સંઘના પૂર્વ ચેરમેન મહેશ પંડ્યા,સ્થાનિક કિ.સંઘના હોદ્દેદારો, ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

-અખંડ ભારત

# ફરજ ઉપર હાજર થયેલ કર્મીઓને પરત લેવામાં આવશે- ઋષિકેશ પટેલ

ગુજરાતમાં આરોગ્ય વિભાગના કર્મચારીઓ ગાંધીનગરમાં આંદોલન કરી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી આંદોલન પર ઉતરેલા આરોગ્ય કર્મચારીઓને રાજ્ય સરકાર દ્વારા ફરજ પર હાજર થવા અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું. હડતાળ પર ઉતરેલા આંદોલનકારી આરોગ્ય કર્મચારીઓને ૩ એપ્રિલ સુધીમાં હાજર થવા તંત્ર દ્વારા આદેશ કરવામાં આવ્યો હતો. આ મામલે આજે આરોગ્ય મંત્રી દ્વારા નિવેદન આપવામાં આવ્યું છે કે આજ (૩ એપ્રિલ)સાંજ સુધીમાં હાજર થયેલા કર્મચારીઓને જ પરત લેવામાં આવશે.આરોગ્ય



મંત્રી ઋષિકેશ પટેલ અગાઉ પણ કહ્યું હતું કે આરોગ્ય કર્મચારીઓની માગ યોગ્ય નથી. રાજ્યના તમામ આરોગ્ય કર્મચારીઓ આ રીતે આંદોલન પર ઉતરતા આરોગ્ય સેવાને માઠી અસર થઈ રહી છે.ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ અને બાળકો સહિત ગંભીર બીમારીના દર્દીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આરોગ્ય કર્મચારીઓના અભાવે હોસ્પિટલોમાં ઓપીડી સેવા પણ ખોરવાઈ હતી.આરોગ્ય સેવા ખોરવાતા રાજ્ય સરકારે ૩ એપ્રિલ સુધીમાં તમામ આરોગ્ય કર્મચારીઓને ફરજ પર હાજર થવા માટે સરકારે અલ્ટીમેટમ આપ્યું હતું. આજ સાંજ સુધીમાં જે કર્મચારીઓ હાજર થશે તેમના સસ્પેન્શન ઓર્ડર રદ કરી તેમને પાછા લેવામાં આવશે તેમ આરોગ્ય મંત્રી દ્વારા જણાવ્યું હતુ જોકે હજુ પણ કેટલાક આરોગ્ય કર્મચારીઓ ગાંધીનગરમાં વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે જેને લઈને આરોગ્ય મંત્રી દ્વારા તેમને કામ પર પાછા ફરવા અપીલ કરવામાં આવી છે.

# ૨૧ લાખનું યોગદાન આપ્યું



નિતીન પંડયા- વલસાડ જિલ્લાના માં અંબિકા ચંડિકા કાલિકા ધામ કિલ્લા વતની હાલ શ્રી એમ. એલ. ગાંધી સંચાલીત સર પી. ટી. સાયન્સ કોલેજ મોડાસાના રસાયણ શાસ્ત્રના અનુસ્નાતક કાર્યવાહ અધ્યાપક ડા. મનોજ પી. ગોંગીવાલા એ ગુજકોસ્ટ પ્રેરિત જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર મોડાસા અરવલ્લીના નામાભિધાન માટે પોતાના માતૃશ્રી રંજનાબેન પ્રતાપભાઈ ગોંગીવાલા ના નામે રૂ. ૨૧ લાખના દાનનો ચેક મંડળ પ્રમુખ મહેન્દ્રભાઈ વી. શાહ તથા ઉપસ્થિત હોદ્દેદારો ની ઉપસ્થિતિમાં પોતાની કર્મભૂમિ નું ઋણ ચૂકવવાના શુભ ભાવથી આજે મંડળના પ્રમુખ ને અર્પણ કયો હતો.આ પ્રસંગે સમર્પણમાં સાયન્સ કોલેજના પ્રભારી મંત્રી સુભાષભાઈ એમ.શાહ એ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું

-અખંડ ભારત

# ગોવિંદપુરા પ્રા.શાળામાં આનંદ મેળો યોજાયો



ગોવિંદપુરા પ્રાથમિક શાળામાં આનંદ મેળાનું આયોજન કરવામાં આવતા આ આનંદ મેળામાં બાળકોએ અલગ અલગ ખાણી પીણીના સ્ટોલ ઉભા કરી પોતાના કૌશલ્ય નું પ્રદર્શન કર્યું હતું.આ તબકકે શાળા પરિવાર અને વિદ્યાર્થીઓના વાલીઓ ઉપસ્થિત રહી આનંદ મેળામાં ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.-અખંડ ભારત

# નંદેસરી પ્રા.શાળાનું લોકાર્પણ કરાયું

વડોદરા તાલુકાના નંદેસરી ખાતે આવેલ પ્રાથમિક શાળાનું સુદીપ ફાર્મા કંપની દ્વારા રૂ.૪ કરોડના ખર્ચે નવિનિકરણ કરવામાં આવતા તાજેતરમાં જ સંપૂર્ણ સુવિધા થી સજજ શાળાનું લોકાર્પણ મંત્રી બળવંતસિંહ રાજપૂતના હસ્તે રિબિન કાપી લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે શાળા સ્ટાફ પરિવાર, સ્થાનિક આગેવાનો, વિદ્યાર્થીઓ, વાલીગણે હાજરી આપી હતી.-અખંડ ભારત



# લીમખેડા ખાતે વાર્ષિકોત્સવ ની ઉજવણી

હસમુખ પ્રજાપતિ - પી.એમ શ્રી તાલુકા શાળા લીમખેડા ખાતે વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો હતો જેમાં બાલવાટિકાના નાના ભૂલકાથી લઈ ધોરણ આઠ સુધીમાં અભ્યાસ કરતા તમામ બાળકોએ વિવિધ ૨૩ જેટલી કૃતિમાં ભાગ લીધો હતો.જેમાં અભિનય ગીત, ગ્રુપ ડાન્સ, નાટક, ગરબા, વગેરેમાં પોતાની કલા પ્રદર્શિત કરી હતી સાથે





સાથે ધોરણ ૮ ના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિધાર્થીઓનો વિદાય કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

-અખંડ ભારત

# કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનની તૈયારીઓ શરૂ



આગામી ૮-૯ એપ્રિલના રોજ અમદાવાદમાં કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાવા જઈ રહ્યું છે. જેમાં ૮ એપ્રિલના રોજ સરદાર પટેલ સ્મારક ખાતે CWCની બેઠક યોજાશે. જ્યારે ૯ એપ્રિલે સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે યોજાનારા કોંગ્રેસના AICC અધિવેશનને લઈને તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટરના ત્રણ બ્લોકમાં વિશાળ એસી જર્મન ડોમ ઊભો કરવામાં આવી રહ્યો છે. અંદાજે ૩,૦૦૦ જેટલા લોકો બેસી શકે તેની વ્યવસ્થા સાથેના ડોમ ઉભો કરવામાં આવી રહ્યો છે. ડોમ ઉભો કરવાની હાલમાં કામગીરી કરવામાં આવી રહી છે. A,B અને C એમ ત્રણ બ્લોકમાં આખો ડોમ ઊભો કરવામાં આવી રહ્યો છે.૮ એપ્રિલે ૧૧ વાગ્યે શાહીબાગના સરદાર પટેલ સ્મારક ખાતે CWCની બેઠકમાં રાહુલ ગાંધી, સોનિયા ગાંધી, મલ્લિકાર્જુન ખડગે સહિતના CWCના સભ્યો હાજર રહેશે. CWCની બેઠકને લઈને સરદાર પટેલ સ્મારકમાં જોરશોરમાં તૈયારીઓ ચાલી રહી છે. સ્મારકમાં આવેલા ગ્રાઉન્ડમાં વિશિષ્ટ પ્રકારનો એસી ડોમ તૈયાર કરવામાં આવી રહ્યો છે.આ ડોમમાં CWCની બેઠક મળશે.CWCની બેઠક પહેલા સભ્યો સરદાર પટેલ સ્મારક બહાર એક ગ્રુપ ફોટો પડાવશે. આ ગ્રુપ ફોટો બાદ સ્મારકમાં આવેલા હોલ સામેના ખુલ્લા ગ્રાઉન્ડમાં CWCની બેઠક યોજાશે. ત્યારબાદ ગાંધી આશ્રમ ખાતે પ્રાર્થના સભા પણ યોજાશે.CWCની બેઠક માટે સરદાર પટેલ સ્મારકમાં આવેલા હોલ સામે એક વિશિષ્ટ પ્રકારનો ડોમ તૈયાર કરવામાં આવી રહ્યો છે.૧૫૦થી વધુ લોકો બેસી શકે તે પ્રકારનો એસી ડોમ તૈયાર કરવામાં આવી રહ્યો છે. ૬ એપ્રિલ સુધીમાં ડોમ તૈયાર થશે.આ ડોમમાં બેઠક વ્યવસ્થા C શેપમાં રાખવામાં આવી છે.૯ એપ્રિલે સાબરમતીના તટે યોજાનારા રાષ્ટ્રીય અધિવેશનમાં દેશભરના કોંગ્રેસના નેતાઓ અને હોદ્દેદારો સામેલ થવાના છે. ત્યારે દરેકની બેઠક વ્યવસ્થા અલગ કરવામાં આવી છે. કોંગ્રેસની વર્કિંગ કમિટીના સભ્યોથી લઇ અને ઉચ્ચ નેતાઓ માટે સૌથી આગળ બેઠક કરવામાં આવી છે. નેશનલ યુથ કોંગ્રેસ, સેવા દળ, મહિલા કોંગ્રેસ, NSUI અને દરેક પ્રદેશના પ્રમુખો બેસે તેના માટે અલગથી બ્લોક ઊભા કરવામાં આવનાર છે. દરેક અલગ અલગ બ્લોકમાં એલઇડીની વ્યવસ્થા પણ કરવામાં આવશે. કોંગ્રેસના દરેક રાજ્યના સંસદ સભ્યો અને ધારાસભ્યોની અલગ બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. વિશાળ જર્મન ડોમની પાછળ અલગથી VIP ડોમ ઉભો કરવામાં આવી રહ્યો છે. જેમાં કોંગ્રેસનો ફ્લેગ પણ લગાવ્યો છે. આ ડોમમાં વીઆઈપીના બેસવા અને જમવા સહિતની વ્યવસ્થા કરવામાં આવશે.આ અધિવેશન ૮ એપ્રિલે કોંગ્રેસ વર્કિંગ કમિટી (CWC)ની બેઠક સાથે શરૂ થશે, જે પછી ૯ એપ્રિલેના રોજ AICC પ્રતિનિધિઓની બેઠક યોજાશે. આ બંને બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અધ્યક્ષતા કરશે તેમજ કોંગ્રેસ સંસદીય પક્ષની અધ્યક્ષ સોનિયા ગાંધીજી, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસશાસિત રાજ્યોના તમામ મુખ્યમંત્રીઓ, રાષ્ટ્રીય પદાધિકારીઓ, વરિષ્ઠ નેતાઓ અને અન્ય AICC પ્રતિનિધિઓ હાજર રહેશે.

# અમદાવાદમાં બે દિવસમાં ૧૪ લાખની ઈ-સિગારેટ ઝડપાઈ




અમદાવાદના લક્ઝ્યુરિસ પાન પાર્લરમાં ઈ-સિગારેટ વેચાઈ રહ્યાનો વધુ એક વખત પર્દાફાશ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે કર્યો છે.બોડકદેવના એક પાન પાર્લર ઉપરથી બાતમીના આધારે દરોડો પાડીને ૪.૯૧ લાખની ઈ-સિગારેટ, ૪.૨૪ લાખ રોકડા તેમજ ૩૪ લાખ રૂપિયાની બે કાર સાથે બે લોકોની ધરપકડ કરાઈ હતી.લક્ઝ્યુરિસ પાન પાર્લરના માલિકની પૂછપરછમાં સામે આવ્યું કે, તેઓ આ માલ મુંબઈથી મંગાવતા હતાં. ઈ-સિગારેટનો જથ્થો તેમની ગાડીઓમાં કે ગુપ્ત જગ્યાએ સંતાડીને રાખતા હતાં.બાદમાં ગ્રાહકોની જરૂરીયાત પ્રમાણે આપતા હતાં.એસએમસીની ટીમને બાતમી મળી હતી કે, રાજપથ ક્લબ પાસે આવેલા રંગોલી રોડ પાસેના સાલીસ્ટર બિલ્ડિંગમાં પાપાગો નામનુ પાન પાર્લર આવેલુ છે, જેમાં ગેરકાયદે ઈ-સિગારેટનું વેચાણ થઈ રહ્યું છે. બાતમીના આધારે એસએમસીએ તરત જ રેડ કરવાનો પ્લાન કર્યો હતો અને એક ટીમ તૈયાર કરી હતી. પીએસઆઇ કે. ડી. રાવીયાની આગેવાની હેઠળ એસએમસીની ટીમ રેડ કરવા પહોંચી હતી. જયાં મનન નરોત્તમ પટેલ (રહે, રુકમણી નિવાસ, આંબાવાડી) અને મોહિત વિશ્વકર્મા (રહે, પાપાગો પાન પાર્લર, બોડકદેવ)ની અટકાયત કરી હતી. એસએમસીની ટીમે પાન પાર્લરમાં ઈ-સિગારેટ મામલે સર્ચ કર્યુ હતું, પરંતુ મળી ન આવતા મનનની આગવી સ્ટાઈલથી પૂછપરછ કરી હતી.મનને જણાવ્યુ હતું કે, સાલીસ્ટર બિલ્ડિંગની બીઝમેન્ટમાં બે કાર પાર્ક કરેલી છે, તેમા ઈ-સિગારેટનો જથ્થો છુપાયો છે. જેથી એસએમસીની ટીમ તુરંત મનન અને મોહિતને લઇને બેઝમેન્ટમાં પહોંચી ગઇ હતી. જયાં એસએમસીએ કારમાંથી ૪૩૪ નંગ ઈ-સિગારેટ તેમજ રોકડ રકમ જપ્ત કરી હતી.ઈ-સિગારેટ અને રિફિલની કિંમત ૪.૯૧ લાખ રૂપિયા થાય છે. પોલીસે ઈ-સિગારેટ પાસે પડેલા ૪.૨૪ લાખ રૂપિયા પણ જપ્ત કર્યા હતા.

# દોલતાબાદ ખાતે પાટોત્સવ યોજાયો



તલોદના દોલતાબાદ ખાતે આવેલ પૌરાણિક બળીયાદેવ મહારાજના ૩૦ પાટોત્સવનું આયોજન કરવામાં આવતા આજે હોમ હવન યોજી મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવતા સ્થાનિક ભાવિક ભક્તો મોટી સંખ્યામાં આ ધાર્મિક પ્રસંગા-મહાપ્રસાદીનો લ્હાવોલઈ ધન્યતા અનુભવી હતી.-અખંડ ભારત

# ઝાલોદના લિંમડીમાં દબાણ હટાવ ઝુંબેશ



દાહોદ જિલ્લા ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં છેલ્લા કેટલાક સમયથી ઉભા થયેલા ગેરકાયદેસરના દબાણો દુર કરવાની માંગ ઉઠી હતી.ગતરોજ રાત્રીના સમયે સ્થાનિક તંત્ર પોલીસ બંદોબસ્ત સાથે ગેરકાયદેસર ખડકાયેલા દબાણો દુર કરવા પહોચી જતાં દબાણકર્તાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.તંત્રને જોઈને કેટલાક દબાણકારોએ તેમના દબાણો સ્વયં હટાવી લીધા હતા.આ ઝુંબેશ આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે તેમ તલાટી કિરણભાઈ મછારે જણાવ્યું હતું.-અખંડ ભારત

# મેં તો શણગાર્યો ચાચર ચોક માડી ઘેર આવો રે...સલાટપુરમાં ચૈત્રી નવરાત્રીની ઉત્સાહભેર ઉજવણી



સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના સલાટપુર ખાતે આવેલ પ્રસિદ્ધ આઈ શ્રી ખોડીયાર માતાજી મંદિરમાં દર વર્ષની જેમ ચાલુ સાલે પણ ચૈત્રી નવરાત્રી પર્વના પહેલા નોરતે થી જ ગરબાની રમઝટ જામી રહી છે.તલોદના સલાટપુર ખાતે ચૈત્રી નવરાત્રી પર્વની ઉમંગ અને ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી રહી છે.દર વર્ષની જેમ ચાલુ સાલે પણ આયોજક અશોકભાઈ પટેલ પરિવાર દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું છે.નવલી નવરાત્રીના પ્રતિદિન ખેલૈયાઓ મનમુકીને એક તાલી,બે તાલી,ત્રણ તાલી નામાંકીત કલાકારોના કંઠે ગવાતા ગરબા અને સુર સંગીતના તાલે ગરબે રમી માં ખોડીયારના ગુનગાન ગાઈ રહ્યા છે.ચૈત્રી નવરાત્રીની શરૂઆત થી જ ખેલૈયાઓ ઉત્સાહભેર ગરબે ઘૂમી સમૂહ આરતી,પ્રસાદીનો લ્હાવો લઈ ધન્ય બની રહ્યા છે.જેને પગલે ગામ પંથકમાં ભક્તિમય માહોલ પ્રસરી ગયો છે.-અખંડ ભારત

# શીલાણામાં ખાતમુહુર્ત કાર્યક્રમ યોજાયો




જયેશ મકવાણા - બગસરા તાલુકા ના શીલાણા થી સરંભડા ગૌરવ સુવિધા પથ રોડના કામ માટે રાજ્ય સરકાર દ્વારા માતબર રકમ રૂ.૪૦ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવતા સ્થાનિક ધારાસભ્ય જે.વી.કાકડીયાના હસ્તે માર્ગના કામનો ખાત મુહુર્ત કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે સ્થાનિક તાલુકા,જિલ્લા સંગઠનના હોદ્દેદારો, કાર્યકરો, સહકારી, રાજકીય આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નવિન સુવિધા ઉપલબ્ધ થવા બદલ ધારાસભ્યનો આભાર વ્યક્ત કર્યો હતો.-અખંડ ભારત


# સરોડી ખાતે કાનૂની શિબિર યોજાઈ

સુરેન્દ્રનગર જીલ્લાના થાનગઢ તાલુકાના સરોડી ગામની પ્રાથમિક શાળામાં તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા શિબિરનું આયોજન કરવામાં આવતા સ્થાનિકો,શાળાના બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાનૂની માર્ગદર્શન મેળવ્યું હતું.-અખંડ ભારત




























**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697